SINCE 1972
50 years
to be continuted
Gyan Amrit
જ્ઞાનામૃત
Vol.14 - Issue 10
October 2021
Price 12/-
"May Maa Durga Illuminate Your Life With
Countless Blessings And Happiness"
Happy
Navratri
शुभ
दशहरा
जय श्री राम
Let's kill
the Ravan within

વીરપુર જલારામ ખાતે ગુજરાત સરકારના કેબીનેટ અન્ન અને નાગરિક પુરવઠા તત્કાલીન મંત્રીશ્રી ભ્રાતા વિઠ્ઠલભાઈ રાદડીયાને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. સુશીલાબેન.

ઉમરગામમાં ગુજરાત સરકારના રાજ્યકક્ષાના વન અને આદિવાસી વિકાસના તત્કાલીન મંત્રીશ્રી ભ્રાતા રમણભાઈ પાટકરને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. ચેતનાબેન.

સુરેન્દ્રનગરમાં ધારાસભ્ય ભ્રાતા ધનજીભાઈ પટેલને રક્ષાસૂત્ર બાંધતાં બ્ર.કુ. હર્ષાબેન.

ઊંઝા સેવાકેન્દ્ર પર પધારેલ ધારાસભ્ય ભગિની ડૉ. આશાબેન પટેલને રક્ષાસૂત્ર બાંધતાં બ્ર.કુ. શિવાનીબેન.

વલસાડ જીલ્લા કલેક્ટર ભગિની ક્ષિપ્રા અગ્રે IASને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. રંજનબેન.

સરભાણ સેવાકેન્દ્ર દ્વારા આમોલ તાલુકા વિકાસ અધિકારી ભ્રાતા ગણેશ રામચંદ્રન IASને રક્ષાબંધન કરતા બ્ર.કુ. પ્રીતિબેન.

વ્યારા ખાતે તાપી જીલ્લા કલેક્ટર ભ્રાતા એચ.કે.વધવાનીયા IASને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. દીપાબેન.

આણંદ જીલ્લા પોલીસ સુપ્રીટેન્ડટ ભ્રાતા અજીત રંજન IPSને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. ગીતાબેન.

Gyan Amrit
જ્ઞાનામૃત

વર્ષ ૧૪ ઓક્ટોબર-૨૦૨૧ અંક : ૧૦

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર

અમૃતસૂચિ

- વિવેક ....તંત્રી સ્થાનેથી ..04
- અમૃતધારા ....દાદી જાનકીજી ..06
- ભાવના અને નિશ્ચય ....બ્ર.કુ. જગદીશચંદ્ર ..07
- અમતવેળા વરદાન લઈને આવે .... બ્ર.કુ. સૂર્યભાઈ ..09
- પ્રસન્નતાના પથ પર ....બ્ર.કુ. શિવાનીબેન ..14
- નવરાત્રિ ....બ્ર.કુ. નલિનીબેન ..17
- ઉદ્દ્બોધન ....બ્ર.કુ. નેહાબેન ..21
- ધર્મરાજપુરી ....બ્ર.કુ. ગુણવંત ..25
- દિવ્યદર્શન ....બ્ર.કુ. નંદિનીબેન ..26
- પ્રસંગ પરિમલ 28
- દિવ્ય જીવનની કેડી......................બ્ર.કુ. મીનળબેન ..30
- શ્રેષ્ઠ ચિંતન દ્વારા યોગમાં ....બ્ર.કુ. હેમંત ..31
- જીવન સાફલ્ય ....બ્ર.કુ. ભગવાન ..32
- સ્વઉન્નતિમાં બાધક આળસ ....બ્ર.કુ. ભગવાનભાઈ ..33

લવાજમના દર

ભારતમાં

વાર્ષિક લવાજમ	રૂ.	૧૧૦.૦૦
આજીવન સભ્ય	રૂ.	૨,૦૦૦.૦૦
છૂટક નકલ	રૂ.	૧૨.૦૦

વિદેશમાં

એરમેઈલ વાર્ષિક	રૂ.	૧,૧૦૦.૦૦
આજીવન સભ્ય	રૂ.	૧૦,૦૦૦.૦૦

કૃતિઓ તથા સેવા સમાચાર
મોકલવાનું સરનામું
બ્ર.કુ. ડૉ. કાલિદાસ પ્રજાપતિ
તંત્રી : જ્ઞાનામૃત
જી-૨/૨૨, શિવમ એપાર્ટમેન્ટ,
નવા વાડજ, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.
Phone : 079 - 2762 0866

મુદ્રક અને પ્રકાશક
રાજયોગિની ભારતીદીદી

-:- વિશેષ નોંધ -:-

આ ઓક્ટોબર માસમાં જ્ઞાનામૃતમાં સંગમયુગની શબ્દાવલી સ્થાનની સાનુકુળતાને કારણે આપેલ નથી. નવેમ્બર માસથી રાબેતા મુજબ આવશે.

આવશ્યક નોંધ

લવાજમની રકમનો ડ્રાફ્ટ નીચેના નામે લખશો.

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય (ગુજરાતી જ્ઞાનામૃત)

Account No. : **71120100007677**

Bank Name : **BANK OF BARODA, Pushpkunj Branch** IFSC Code : **BARB0DBPUSH**

પ્રકાશન સ્થળ - ગુજરાત ઝોન મુખ્યાલય

બ્રહ્માકુમારીઝ, સુખશાંતિ ભવન, ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨.

Phone: 079 - 2532 4460

Email : gyanamrit.guj@gmail.com

તંત્રી સ્થાનેથી

વિવેક

સાધનાના વિભિન્ન માર્ગો છે. અનેક ધર્મ, મઠ, પંથ, સંપ્રદાય, વિચારધારાઓ અસ્તિત્વમાં છે. આજે વૈજ્ઞાનિક શોધખોળોને કારણે આપણે વિશ્વના ખૂણેખૂણાના સમાચારો મેળવી શકીએ છીએ. સાહિત્ય, ધર્મ આદિ વિભિન્ન પ્રવાહોથી વાકેફ રહી શકીએ છીએ. આ સંજોગોમાં માનવની મતિ ક્યારેક ભ્રમિત થઈ જાય છે. તેમાંયે સાધનાપથમાં વિવિધતાઓ હોય છે. વિવિધ વક્તાઓને સાંભળવાને કારણે તેમજ વિભિન્ન વિચારધારાનું સાહિત્ય વાંચતાં ક્યારેય મુંઝાઈ જવાય છે. શું કરવું? શું ના કરવું? કઈ વાતને જીવનમાં અપનાવવી? કોને છોડી દેવી? આ બધા પ્રશ્નો ઉદ્ભવે છે. આવી પરિસ્થિતિમાં સાધકને મદદરૂપ બને છે. તેનો **વિવેક**.

માનવ સંબંધોમાં, ભિન્ન ભિન્ન ક્ષેત્રે, ભિન્ન ભિન્ન પરિસ્થિતિમાં અંતરાત્માના અવાજને અનુસરી નીતિપૂર્ણ, ન્યાય પૂર્ણ, ધર્મયુક્ત વ્યવહાર કરવાની સૂઝ તે છે વિવેક. વિવેક આત્માની સંસ્કારિતામાંથી, પરિવારની વિશિષ્ટ પાલનાથી તથા સમાજની વિશિષ્ટ વ્યક્તિઓના જીવનદર્શનમાંથી સાંપડે છે. જ્યાં ધર્મ છે ત્યાં વિવેક છે અને જ્યાં વિવેક છે ત્યાં ધર્મ છે. મહાભારતનું યુદ્ધ શરૂ થતાં પહેલાં યુધિષ્ઠિર ભીષ્મ પિતામહ, દ્રોણાચાર્ય આદિને વંદન કરે છે અને આશીર્વાદ માંગે છે. આ વિભૂતિઓ વિપક્ષે હોવા છતાં યુધિષ્ઠિર પોતાનો વિવેક ભૂલતા નથી. માનવ ભિન્ન ભિન્ન સંબંધોમાં વિવેકથી વર્તે તો તે પોતાના ભાગ્યોદયનો અધિકારી બને છે. ક્યારેક માનવને મોહ, આસક્તિ તેના વિવેકથી વિપરીત વર્તન કરાવે છે. ધૃતરાષ્ટ્ર આ વાતનું ઉદાહરણ છે. આમ જેણે વિવેક ખોયો તેણે પોતાના વ્યક્તિત્વને કલંક લગાડ્યું છે. જ્યારે ઉચ્ચ સ્થાને બેઠેલી વ્યક્તિઓનું લોકો અનુકરણ કરે છે ત્યારે તેઓએ પોતાના વિવેકને યથાર્થ રૂપે પ્રગટ કરવો જોઈએ.

સાધનાપથમાં કોઈપણ વાતને ઉપરછલ્લી રીતે જોઈ ન શકાય. ખૂબ જ ગંભીરતાથી, એકાગ્રતાથી દરેક વાતને સમજવાની હોય છે. માનવના ગુણોમાં, સંસ્કારોમાં જેમ સાત્વિકતા, શુદ્ધતા આવતી જાય છે તેમ તેમ બુદ્ધિ સ્પષ્ટ નિર્ણય લઈ શકે છે. સારાસારનો વિવેક તે પારખી શકે છે. આવી વિશેષ પ્રજ્ઞાની પ્રાપ્તિ, વિશેષ નિર્ણયશક્તિ માટેનું બળ તે વિવેક છે. આ વિવેકનો પાયો આત્માની શુદ્ધિમાંથી પ્રગટે છે.

જેમ ડહોળાયેલું પાણી સ્થિર થતાં તેનો કચરો તળિયે બેસી જાય છે તે રીતે બુદ્ધિ વિકારોના પ્રભાવથી મુક્ત બની સ્થિર બને છે ત્યારે વિવેક જાગ્રત થાય છે. કોઈપણ વાતને સર્વાંગી દૃષ્ટિકોણથી મૂલવતાં તેની વિશેષતાઓ અને મર્યાદાઓ બુદ્ધિરૂપી દર્પણમાં સ્પષ્ટ થઈ જાય છે. સાધક માત્ર બુદ્ધિવાન હોય તે પૂરતું નથી. તે યોગયુક્ત હોવો જરૂરી છે. બુદ્ધિ ક્યારેક અહંકારનું રૂપ લે છે ત્યારે યોગાભ્યાસ એ બુદ્ધિને સ્થિર બનાવવાનું કાર્ય કરે છે. નમ્રતા તથા સાક્ષીભાવ શીખવે છે. આમ છતાં યોગાભ્યાસ કરતાં બુદ્ધિતત્ત્વનું પલ્લુ વિશેષ જ્ઞાની, પંડિત બનાવી શકે છે પણ યથાર્થ યોગી બની શકતો નથી. સાધકની બુદ્ધિને નિર્મળ બનાવવાનું કાર્ય યોગાભ્યાસ કરે છે.

ક્યારેક માનવનો વિવેક જાગ્રત થયેલો હોય છે પણ કોઈ દબાણને કારણે કે, વિકારના કોઈ સૂક્ષ્મપ્રભાવને કારણે તે આત્માના અવાજને, વિવેકને દબાવી દે છે. દુર્યોધન, રાવણ વગેરે જ્ઞાની હોવા છતાં વિવેકને દબાવી દેતા હતા. તેથી બુદ્ધિશક્તિના દુરુપયોગ માટે તેઓ નિમિત્ત બન્યા. સાધકે તેના વિવેકને દબાવવો જોઈએ નહીં. જ્યારે સાધક વિવેકભ્રષ્ટ થાય છે ત્યારે તેનું પતન થાય છે. માટે કહેવાયું છે કે, **'વિવેક ભ્રષ્ટાનાં ભવતિ વિનિપાત શતમુખઃ'** અર્થાત્ વિવેકથી ભ્રષ્ટ થયેલાનું સો પ્રકારે પતન થાય છે. વિવેક ભ્રષ્ટ થવાથી અનર્થ આચરણના ભોગ બનાય છે અને તેનું પરિણામ પણ ભોગવવું પડે છે. ઇતિહાસ પણ તેની નોંધ લે છે.

વિવેક ભ્રષ્ટ થવામાં કુસંગ, તમોગુણી આહાર, વિકારોને ઉત્તેજે તેવાં દ્રવ્ય શ્રાવ્ય સાધનો તેમજ માનવની મહત્વાકાંક્ષા જવાબદાર છે. કર્ણ સારાસાર સમજતો હોવા છતાં દુર્યોધન સાથેના મિત્ર પ્રેમના ઋણના બંધનથી મુક્ત થઈ શક્યો નહીં. આમ વિવેક જાગ્રત થવો અને તેને અનુરૂપ વર્તન કરવું તે સાધક માટે કપરી સાધના છે. આ કપરી સાધના જે પૂરી કરી શકે છે તે સિદ્ધિનાં શિખરોએ પહોંચે છે.

સાધકે હંમેશા પોતાનાથી શ્રેષ્ઠ પુરુષાર્થીના પુરુષાર્થને ધ્યાનમાં રાખવો જોઈએ. આમ છતાં કોઈનું અંધ અનુકરણ કરવાની જરૂર નથી. દરેકના સમય, સંજોગો, પરિસ્થિતિ અલગ હોય છે. ત્યારે આપણો વિવેક આપણને શું કહે છે તે જોવું જોઈએ. આપણને જો આપણા વિવેકમાં સંશય લાગે તો યોગ્ય વ્યક્તિને સર્વ પરિસ્થિતિથી વાકેફ કરી પોતાની વાત કહેવી જોઈએ. ક્યારેક તટસ્થ વ્યક્તિનું માર્ગદર્શન ઉપયોગી થઈ પડે છે.

જેમ જેમ સાધકમાં સરળતા, નિખાલસતા આવતી જાય છે તેમ આધ્યાત્મિક પુરુષાર્થની તીવ્રતાને કારણે આત્માની શુદ્ધિ થતી જાય છે. આ રીતે વિવેક જાગ્રત થતાં સાધક હોલી હંસ બને છે. વિવેક જાગ્રત થવો તે એક વાત છે અને તેનું આચરણ કરવું તે બીજી વાત છે. કેટલાકમાં વિવેક જાગે છે પણ પોતાના સ્વભાવ, સંસ્કારને વશ થઈને વર્તન કરે છે. તેના ફલસ્વરૂપે દુઃખ, અશાંતિ અને વ્યથાપૂર્ણ પરિણામો ભોગવે છે. આમ સાધકે વિવેકની કસોટીમાંથી ઉત્તીર્ણ થઈ સાધનાને ગૌરવશાળી બનાવવી જોઈએ.

॥ ઓમશાંતિ ॥

- બ્ર.કુ. કાલિદાસ

(પેજ નં. 27નું અનુસંધાન)... દિવ્યદર્શન

કોઈને વિકારોની અગ્નિમાં શીતળતા પ્રદાન કરી પ્રસન્નતા આપનાર કલ્યાણમયી દેવી છે. આજના વૈજ્ઞાનિક યુગમાં અંધશ્રદ્ધામાં આવી જઈને બીમારીનું નિદાન ડોક્ટર પાસે કરાવી યોગ્ય દવા સારવાર કરાવવી જોઈએ. અંધશ્રદ્ધામાં ફસાઈને લોકો બકરાનો બલિ ચઢાવતા હોય છો. બકરી મેં મેં કહીને બોલે છે. ખરેખર તો મેં પન એટલે કે મારા પણાનો ભાવની બલિ ચઢાયાની યાદગારનું ખોટું અર્થઘટન કરી બકરીની બલિ દૈવી-દેવતાઓને ચઢાવવી એ નરાધમ જીવહિંસા છે. દેવીને તો મેં પન અર્થાત્ અહંકારની બલિની આવશ્યકતા છે. આજે કામ, ક્રોધ, લોભ, મોહ ને વિકારોરૂપી બીમારીઓમાં મનુષ્યજાત ફસાઈ ગઈ છે. તે સમયે આવી અંધશ્રધ્ધામાં બહાર કાઢવા અને શાંતમૂર્ત, શીતળસ્વરૂપ, દૈવીગુણોથી સંપન્ન શિવશક્તિઓ જે ગુપ્તમાં કાર્ય કરી રહી છે તેને હવે પ્રત્યક્ષ થવાનો સમય આવી ગયો છે. તો આવો, માતૃશક્તિના મહત્ત્વ સાથે માઁ ના નોરતાને સમજીએ. **॥ઓમશાંતિ॥**

અમૃતધારા

ત્યાગ અને તપસ્યા

રાજયોગિની દાદી જાનકીજી, પૂર્વ મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુરોડ



ત્યાગ દિલથી થાય છે. યોગ બુદ્ધિથી થાય છે. દેહ સહિત દેહના સ્વભાવ, સંસ્કાર છોડી મિલનસાર બનવા માટે જ્ઞાન જોઈએ. પહેલાં દિલમાં એકરાર જોઈએ. તો ત્યાગ થઈ જાય છે. તપસ્યા અર્થાત્ એક બાબા બીજું કોઈ નહીં. કોઈએ મને પૂછ્યું કે તમે બાબા પાસેથી શક્તિ મેળવવા માટે શું કરો છો? બાબા પાસેથી શક્તિ મેળવવા માટે દેહીઅભિમાની સ્થિતિ પર ધ્યાન હોવું જોઈએ. જેમ કે હું કહું છું કે ત્યાગ, તપસ્યા, સેવાથી પણ કોઈ કોઈમાં ત્યાગવૃત્તિ આવતી નથી. તપસ્વીમૂર્ત નથી, માત્ર સેવાધારી છે. સેવાની લગન બહુ છે સેવા, સેવા, સેવા. જો સેવાની સાથે બુદ્ધિ યોગ બાબાની સાથે રાખશો તો બળ મળશે. ત્યાગથી વૃત્તિ આવે છે? તો હું કહીશ એનાથી સ્વરૂપની સ્થિતિ શુદ્ધ થાય છે શાંતિથી. મારો શ્વાસ પણ જતો નથી. સેવામાં ચાલતો હશે. પણ સેવામાં ભાવના છે. ઓમશાંતિ કહેશે. સેવામાં ભાગદોડ કરશે પણ તપસ્યામાં ભાગદોડ નથી કરતા. અંદરમાં ત્યાગવૃત્તિ છે તો તપસ્યા કરી શકો છો. પરંતુ જેનો ત્યાગ પહેલાં છે તેને તપસ્યા સારી લાગે છે. સેવા ઓટોમેટીક થાય છે. હું બાબાનો ઉપયોગ નથી કરતી તો બાબા મારો ઉપયોગ કરે છે. મારામાં એટલી શક્તિ-મનોબળ ક્યાંથી આવે છે? હું કહીશ કે ઓમશાંતિથી. મારો શ્વાસ નહીં પણ ચાલતો હોય પણ ઓમશાંતિ કહીશ તો ઉમંગ, ઉત્સાહ, હિંમતની સ્વાભાવિક મદદ મળે છે. આપણે આખા દિવસમાં એવું કોઈ કામ ના કરીએ જેથી બીજાઓ સમક્ષ દિલગીર છું એમ કહેવું ના પડે. બ્રહ્માકુમારીની સાડીની લાજ રાખો. પોતાની સ્થિતિને મજબૂત બનાવવી જોઈએ. કારણ કે સમય અનુસાર બાબા આપણી જેવી સ્થિતિ ઈચ્છે છે તેવી નથી. ભલે આપણે સેવા ગમે તેટલી કરીએ છીએ ક્લાસ કરાવીએ છીએ, કોર્સ કરાવીએ છીએ. પણ મારામાં એટલી તાકાત નથી કે હું લાંબા સમય સુધી બોલું. જેટલું કામનું હોય તેટલું બોલું. કોઈ ક્લાસમાં મોડા આવે તો સાકારબાબાને સારું લાગતું નહોતું. બાબાનું કહેવાનું ઈશારાથી હતું. તેથી બધી સમજણ મળી જતી હતી. પુરુષાર્થની લગન હોય તો પુરુષાર્થ ઓટોમેટીક સાથ આપે છે. સારી સારી વાતો યાદ આવે છે. સંશય આવતો નથી. આપણે પણ આ સર્વ વાતોને ફોલો કરીને આગળ વધવાનું છે. ॥**ઓમશાંતિ** ॥

(પેજ નં. 33નું અનુસંધાન)... સ્વ ઉન્નતિમાં

રીતે બીમાર પડે છે. બહાનાબાજી, આળસને કારણે જેઓ બીમાર પડે છે તેમને અન્યની દુઆઓ મળતી નથી. કેટલાક લોકોના મનમાં એ પ્રશ્નો ઉઠે છે કે જે લોકો યોગી છે, તપસ્વી છે, સાચા સાધક છે, સાચા સેવાધારી છે, ઘણા સારા છે એમને પણ કર્મોનો હિસાબ કિતાબ ચુક્તે કરવો પડે છે. પરંતુ જેઓએ સાચા દિલથી સેવા, તપસ્યા કરી, પોતાની ધારણાઓથી સર્વને સંતુષ્ટ કર્યા છે, જીવનમાં કોઈ બહાનાં કાઢ્યાં નથી એમને પરમાત્મા આત્મિક રૂપમાં સુખ આપે છે અને તેઓ દુવાઓ અને આશીર્વાદ મેળવે છે. ॥**ઓમશાંતિ** ॥

ભાવના અને નિશ્ચય

બ્ર.કુ. જગદીશચંદ્ર, દિલ્હી

ભાવના ઘણી મોટી ચીજ છે. મોટાઓ પ્રત્યે આદર રાખવો, સાથીઓ પ્રત્યે સહયોગી બનવું અને નાનાંઓ પ્રત્યે સ્નેહ બતાવવો - આ સૌ ભાવના ઉપર આધારિત છે. જો ભાવના નથી તો આમાંનુ કંઈ કરી શકતા નથી. જીવન શુષ્ક લાગે છે. સંબંધોમાં મીઠાશ હોતી નથી. જીવન નીરસ થવા લાગે છે. ચીડિયાપણું વધતું જાય છે. શરીર બીમાર શા માટે પડે છે? એનામાં કોઈને કોઈ ચીજનો અભાવ હોય છે. એટલે ડોક્ટર કહે છે કે ફલાણી ચીજને વધારો, ફલાણી ચીજ ઓછી કરો. એ રીતે આત્મામાં જ્ઞાન, શક્તિ, અનુભવ સર્વ હોવા છતાં પણ જો તેમાં ભાવના નથી તો તે યોગ્ય લાગતું નથી. ભાવના એક એવી ચીજ છે જે પથ્થરને પણ પાણી બનાવી દે છે.

આ આપણી સભ્યતા છે

આપ જુઓ, આપ જ્યારે ઈશ્વરીય પરિવારને મળો છો તો આપને કેવી લાગણી થાય છે? આ ભવિષ્યના દેવી દેવતાઓ છે. જોવામાં ગમે તેવા લાગે પણ દૈવી આત્માઓ છે ને! ભગવાનના બન્યા છે, એમણે ત્યાગ કર્યો છે. દુનિયાના સર્વ રસોનો, સુખોનો ત્યાગ કરીને બાબા (પરમાત્મા)નાં બન્યાં છે. એમને સન્માન આપવું જોઈએ. એમની સાથે પ્રેમ અને શાંતિથી વર્તાવ કરવો જોઈએ. આ આપણી સભ્યતા છે. જો કોઈ રાષ્ટ્રપતિભવન જાય છે તો ત્યાંના લોકો શું કરે છે? એમને પ્રેમથી બેસાડે છે. પહેલાં પાણી આપે છે. પછી ચા વગેરે આપે છે. એમનો સત્કાર કરવામાં આવે છે. તે ત્યાંની ઔપચારિકતા છે. જે પણ રાષ્ટ્રપતિભવનમાં મહેમાન બનીને જશે એમને સન્માન આપવામાં આવશે. એવા એમના નિયમ બનેલા છે. કોઈ રાષ્ટ્રના રાષ્ટ્રપતિ આવે છે તો એનું શું કરવાનું છે, કોઈ દેશના રાજદૂત આવે છે તો એમની સાથે કઈ રીતે વર્તવાનું છે વગેરે નિયમ બનેલા છે. ઈશ્વરીય પરિવારને જોઈને આપણે પરસ્પર ખુશ થવું જોઈએ. આ ધરતીના સિતારાઓ છે. ભવિષ્યના દેવતાઓ છે, ત્યાગી, યોગી, જ્ઞાની બ્રાહ્મણ દેવતા છે. આપણે એ ભૂલી જઈએ છીએ એટલે એકબીજા સાથે આત્મીયતા ઓછી થઈ જાય છે. સર્વ આત્માઓ તો સિતારાઓ છે જ. પરંતુ બ્રાહ્મણ આત્માઓ તો એવા સિતારાઓ છે જેમને બ્રહ્માબાબાએ શરૂઆતમાં જોયા હતા. ઉપરથી બે સિતારો ઉતરે એમાંથી કોઈ રાજકુમાર રાજકુમારી બની જતાં. બ્રહ્માબાબાને એમ કહેવામાં આવ્યું હતું કે તમારે આવી દુનિયા બનાવવાની છે આ સંગમયુગના બ્રાહ્મણ કુલભૂષણ આત્માઓ છે જેઓ ભવિષ્યમાં પૂજ્ય દેવી-દેવતા બનનાર છે.

આપણે લોકો (બ્રહ્માવત્સો) જ્યારે પરસ્પર મળીએ છીએ અને વાતો કરીએ છીએ તો આપણને જોઈને લોકો ચકિત થઈ જાય છે. તેઓ વિચારે છે કે આમની મળવાની રીતભાત કેટલી સારી છે. પરસ્પર કેટલા પ્રસન્નતાથી મળે છે. એકબીજાને સન્માનથી જુએ છે. મેં સ્વયં જોયું છે. લોકો આપણને જોઈને આશ્ચર્યચકિત થઈ જાય છે. આ આપણી નવી સભ્યતા, નવી સંસ્કૃતિ, આ દેવી-દેવતાઓની ઝલક છે. બ્રાહ્મણ (બ્રહ્માવત્સ)

પરિવારમાં જ જોવા મળે છે. એકદમ દેવી દેવતાઓ ક્યાંથી આવી જશે? અહીં એમના જેવાં લક્ષણ જોવા મળશે તો ત્યાં જઈને દેવી દેવતાઓ બનશે. એ સારું છે. કે હું આત્મા છું. હું બીજાઓમાં પણ આત્મા બિંદુને જ જોઉં છું. આત્મા બિંદુમાં શું જોઈએ? એ જોવાનું છે કે આ વિશેષ આત્મા છે. જેને ભગવાને પસંદ કરેલ છે. સ્વયં જ્ઞાનના સાગર ભગવાને એની બુદ્ધિમાં જ્ઞાન ભર્યું છે. ભગવાને એને કેટલો પ્રેમ આપ્યો છે. એમના મૂલ્યને પણ આપણે સમજવું જોઈએ. એકબીજાનો સત્કાર કરવો એ બ્રાહ્મણ કુલની સંસ્કૃતિ છે. એમાં ભાવના સમાયેલી છે.

ભાવના હોય છે તો ઘણું બધું થાય છે. માનવ સર્વ કાંઈ કરવા માટે અને ત્યાગ કરવા માટે પણ તૈયાર થઈ જાય છે. આપ રોજ બાબાની મુરલી, અમૃતવાણી સાંભળતાં હશો. આ પ્રકારે દુનિયામાં કોઈ પણ આત્મા સંભળાવતો નહીં હોય. લૌકિકમાં મેં પણ ઘણા સંતમહાત્માઓ, બુદ્ધિજીવીઓનાં ભાષણો સાંભળ્યાં છે. પુસ્તકો વાંચ્યા છે. પણ એમાં શબ્દોનો ચમત્કાર હોય છે, બોલવાની કલા હોય છે, આકર્ષણ કરે તેવા હાવભાવ હોય છે. બાબાની એક મુરલીમાં એટલી બધી વાતો હોય છે, એટલું બધું જ્ઞાન હોય છે અને એવા ભાવથી બાબા કહે છે કે હું ચેલેન્જ કરીને જણાવું છું કે દુનિયામાં ક્યાંય બીજે આવી વાણી છે જ નહીં. જેમને ભાવના નહીં હોય એ કહેશે કે બાબા રોજ રોજ કહે છે પોતાને આત્મા સમજો અને મુજ બાપને યાદ કરો. કોઈ એવા પણ બ્રાહ્મણ (બ્રહ્માવત્સો) છે જે એમ કહે છે કે ફલાણા આચાર્યનાં પુસ્તકો વાંચો, એમની કેસેટ સાંભળો, ફલાણા સ્વામીજીનાં પુસ્તકો વાંચો. ફલાણા તત્ત્વચિંતકનાં દર્શન અને ચિંતનનાં પુસ્તકો વાંચો, ફલાણા આશ્રમનું આધ્યાત્મિક મેગેઝિન વાંચો. ચોક્કસ એમના ભાષણ અને લેખોમાં સારા શબ્દોનો ઉપયોગ થયો હશે. શબ્દોનો રણકાર હશે, ભક્તિ માર્ગની વાતો, વાર્તા, ટુચકાઓ, દૃષ્ટાંત ઘણાં હશે પરંતુ એમાં ત્યાગ કરાવવાની શક્તિ, દિવ્યતા ભરવાની શક્તિ, જીવન સુધારવાની શક્તિ, જીવન પરિવર્તત કરવાની શક્તિ, સૃષ્ટિના આદિ, મધ્ય, અંતની જાણકારી વગેરે હોતું નથી. તે ફક્ત ભગવાનની વાણીમાં છે. બીજા કોઈમાં નહીં.

બ્રહ્માબાબા, જેઓએ પોતાનું તન ભગવાનને ઉધાર આપ્યું છે. તેઓ કહે છે કે ‘હું પણ આપના જેવો વિદ્યાર્થી છું. હું પણ બાબાની મુરલી સાંભળું છું. હું પણ બાબાની બાજુમાં જ બેઠો રહું છું. સૌથી પહેલાં હું જ સાંભળું છું. હું પણ પુરુષાર્થ કરું છું.’ જુઓ કેટલી ઉંચી ભાવના છે કે બ્રહ્માબાબા પણ પોતાને આપણા જેવા એક સાધક અને વિદ્યાર્થી સમજે છે. જ્યાં સુધી ભાવના નહીં હોય ત્યાં સુધી અનુભવ થશે નહીં. કેટલાક લોકો કહે છે કે ‘જગદીશભાઈ, બાબાએ કાલે પણ તે કહ્યું હતું, આજે પણ તે વાત જ કહે છે.’ હું કહું છું, આપે ભાવનાયુક્ત બનીને મુરલી સાંભળી નથી, એટલે આપને આવું લાગે છે. ભાવના આત્માને ગ્રહણ કરવા યોગ્ય બનાવે છે, જેનાથી પ્રાપ્તિ થાય છે. ભાવના ન હોવાને કારણે મન ગહનતામાં ગયું નથી, જ્ઞાનની ગહનતાને સમજ્યું નથી. શું આપ મુરલી સાંભળીને આનંદિત થાઓ છો? ગદગદ થાઓ છો? રિફ્રેશ થાઓ છો યા એવું સમજો છો કે બાબા તો એનું એ જ સંભળાવે છે.

ભાવના શું છે? નિશ્ચય શું છે?

જ્યારે બાબા મુરલી સંભળાવવા બેસે છે. ત્યારે સ્વયં બાળકોને કહે છે કે તમે મને જોશો નહીં. મુરલી સંભળાવનાર હું નથી, તે છે ઉપરવાળા, જ્ઞાનના સાગર. કહેવાનો ભાવ એ છે

(અનુસંધાન પેજ નં. 16 પર)

અમૃતવેળા વરદાન લઈને આવે છે.

બ્ર.કુ. સૂર્ય, જ્ઞાન સરોવર, માઉન્ટ આબુ



જ્યારે ભગવાન સર્વ ખજાનાઓ લઈને તમારા દ્વારે આવીને ઊભા હોય, ત્યારે તમે નિદ્રાદેવીની ગોદનું સુખ લઈ રહ્યા હો, તો જે તમારા યુગોના નિમંત્રણ પર તમારા ભાગ્યનો સિતારો ચમકાવવા આવ્યા હોય તેને કેવું લાગશે? જ્યારે સ્વયં વરદાતા ભગવાન વરદાન આપવા માટે, તમને પ્રેમપૂર્ણ શબ્દોથી કહે છે કે બાળકો... અને તમે ફરીથી પડખું બદલીને સૂઈ જાઓ છો. તો એમને (પરમાત્માને) કેવું લાગશે? જ્યારે સ્વયં સર્વશક્તિવાન તમને શક્તિ પ્રદાન કરવા માટે તમારું આવાહ્ન કરતા હોય, ત્યારે તમે બુદ્ધિને સ્થિર ન કરી શકો તો તે શું કરે?

જેમનો શ્રૃંગાર સ્વયં સતગુરુ પરમાત્મા કરી રહ્યા હોય તે આત્માઓ ભાગ્યશાળી છે. જેઓ કેટલીયેવાર ભગવાનને પોતાની સમક્ષ જોઈ ચૂક્યા હોય એમના ભાગ્ય વિશે શું કહેવું! જેના ઉપર સ્વયં ભગવાનની મહેરબાની છે એ આત્માઓ કેટલા ભાગ્યશાળી છે. આવા અતુલનીય ભાગ્યને લઈને લાખો બ્રહ્માવત્સ બ્રહ્માની ગોદમાં છે.

રોજ બ્રહ્મમુહૂર્તમાં પરમપિતાએ પોતાનાં પ્રાણ પ્યારાં બાળકોને વિભિન્ન અનુભવ કરાવવાનો વાયદો કર્યો છે. એ સમયે એમની પાસેથી ઈચ્છીએ તે વરદાન મેળવીએ. ભોલાનાથ આ સમયે ભોળા બનીને બેસે છે. સહજ જ રાજી થાય છે. આપણે ઈચ્છીએ તો આપણી ભૂલો માફ કરાવી લઈએ. આપણી કોઈ ખામીને સમાપ્ત કરવા માટે એમની પાસેથી શક્તિઓ લઈએ. આ એ સમય છે કે જ્યારે બાબા આપણી સર્વશ્રેષ્ઠ કામનાઓ પૂરી કરવા માટે તૈયાર રહે છે. માત્ર એને પોતાના સ્નેહ તથા અધિકારની દોરીમાં બાંધવાની જરૂર છે.

આ શુભવેળામાં આપણે શું શું કરીએ

આપણી સ્થિતિને મહાન બનાવવા માટે, પોતાના જીવનને નિર્વિઘ્ન, નિર્ભય તથા શક્તિશાળી બનાવવા માટે કયો અભ્યાસ કરીએ? કેટલીક અનુભવયુક્ત બાબતોની આપણે અહીં ચર્ચા કરીશું. સાથે સાથે આ વેળામાં સાધકોને જે વિઘ્ન પડે છે એનું સમાધાન કઈ રીતે કરીએ. એ પણ સ્પષ્ટ કરીશું.

અમૃતવેળાનો સમય સમગ્ર દિવસનું બીજ છે. એ સમયે પ્રકૃતિ પણ સ્થિર તથા સતોપ્રધાન હોય છે. શુદ્ધ વાયુમંડલનો પ્રભાવ તન, મન પર પડે છે. મન પણ લગભગ શાંત હોય છે. એટલે આ સમયે સારા અનુભવ પ્રાપ્ત થાય છે. એક મુખ્ય વાત જાણવા જેવી છે. કેટલાક વિચારે છે કે યોગ અભ્યાસ તો આખો દિવસ જ થઈ શકે છે તો પછી બ્રહ્મમુહૂર્તનું આટલું મહત્ત્વ શા માટે? એના બે ઉત્તર છે. પ્રથમ આ વરદાની વેળામાં પરમપિતા સ્વયં પોતાના તરફથી આપણને સર્વસ્વ પ્રદાન કરે છે. જ્યારે આખા દિવસમાં એમની પાસેથી કંઈ પણ પ્રાપ્ત કરવામાં આપણને મહેનત કરવી પડે છે. તો જ્યારે દાતા સ્વયં આપવા માટે તત્પર હોય ત્યારે જ લેવું એ બુદ્ધિમાની છે. બીજું આ સમયે આપણું બાહ્ય મન શાંત હોય છે એટલે બાબાનાં વરદાન યા શક્તિઓ સહજ જ અંતર્મન અને બુદ્ધિમાં સમાઈ જાય છે.

આપણને એક ગુહ્ય તથ્ય યાદ રહે કે યોગ અભ્યાસમાં આપણા મસ્તિષ્કની શક્તિઓ કામે લગાડવી પડે છે. આ શક્તિઓ આપણને બ્રહ્મચર્ય દ્વારા મળે છે. જે મનુષ્ય પવિત્રતામાં નિર્બળ છે તેઓ સારા યોગી બની શકતા નથી. કાંતો એમની એકાગ્રતા વારંવાર નષ્ટ થશે યા એમને માથું દુઃખશે ત્યારે તેઓ એકાગ્ર થવા માટે પોતાના મસ્તિષ્ક પર દબાણ લાગશે. આવી સ્થિતિમાં અમૃતવેળાએ ઉઠીને સહજ જ યોગરસ લઈ શકાય છે. કારણ કે એ સમયે મસ્તિષ્કને વ્યર્થ સંકલ્પોમાં શક્તિ લગાવવી પડતી નથી. જો કોઈનું મસ્તિષ્ક પહેલાંથી જ નબળું છે, એણે પણ એકાગ્રતા માટે મસ્તિષ્ક પર દબાણ નહીં લાવવું જોઈએ. આવા આત્માઓ શક્તિશાળી સંકલ્પો કરે. આ સંકલ્પ મસ્તિષ્કને ધીરે ધીરે શક્તિશાળી બનાવશે અને ત્યારે શક્તિશાળી યોગનો અભ્યાસ થઈ શકશે.

જે લોકો અમૃતવેળાએ જાગતા નથી યા જાગીને એકાગ્ર બનતા નથી એમનું ઈશ્વરીયસુખ અધૂરું રહી જાય છે. કોઈ અમૂલ્ય વસ્તુ ખોવાઈ જતાં મનુષ્યની જેવી મનોસ્થિતિ બને છે તેવી જ બ્રહ્મમુહૂર્તથી વંચિત આત્માની બને છે. આ રીતે આત્માઓ દિનોદિન ઉદાસ, નિર્બળ, વિઘ્નોથી ઘેરાયેલા અને ઈશ્વરીય પ્રેમના અભાવમાં આત્માઓના પ્રેમના તરસ્યા બને છે. એટલે સ્વયંને આ સમયે સંપૂર્ણ પ્રાપ્તિઓ તથા સંપૂર્ણ સુખો માટે તૈયાર કરીએ.

આંખો ખોલતાં જ અનુભવાય કે પરમાત્મા સામે ઊભા છે. પ્રેમથી હાથ ફેલાવીને ..... દૃષ્ટિથી ધન્ય કરે છે અને જન્મ જન્મનો થાક દૂર કરે છે. તો વિચારો આવા ભાગ્યની તુલનામાં સંસારનાં અન્ય સુખ ટકી શકે. આ કલ્પના નહીં પણ અટલ સત્ય છે કે સવારે બાપદાદા પોતાનાં સર્વ બાળકોને મળવા આવે છે. ઉઠતાં જ કોઈનું ભગવાન સાથે મિલન થાય. અહા... તો આ રીતે આત્માઓ ભગવાન સાથે રુહરિહાનનું સુખ લેવા માટે રોજ રાહ જુએ છે કે ક્યારે બ્રહ્મમુહૂર્ત આવે અને અમે પોતાના પરમ પ્રિયતમ સાથે વાતો કરીએ.

તો આપણે આ સુખદ ક્ષણોમાં સૂઈ જઈએ નહીં. લૌકિક કમાણી માટે મોડી રાત સુધી જાગીને પ્રભુ મિલનના સુખથી વંચિત ન રહીએ. જ્યારે આપને ઈશ્વરીય સુખ પ્રાપ્ત થશે ત્યારે જ ધનસંપત્તિ પણ આપને સંપૂર્ણ સુખ આપશે, સૂઈ જવાનો પૂરતો સમય આપણને ચારે યુગમાં મળશે. આપણે ઈચ્છીએ તેટલું સતયુગમાં સૂઈ જઈએ. હવે આ પળોનો લાભ ઉઠાવવાનો સમય છે. તો હે બુદ્ધિમાન બ્રહ્માવત્સો, અમૃતવેળાએ સ્વયંને અમૃતરસથી ભરપૂર કરો. અમૃતવેળા શક્તિશાળી બનતાં જ બાકીનું બધું એની મેળે જ ગોઠવાઈ જશે.

અમૃતવેળાએ આપના મનને શાંત અને આનંદિત કરો. જ્ઞાનચિંતનથી પણ મન બુદ્ધિને ભરપૂર કરો અને સર્વશક્તિવાનની શક્તિઓ પણ સ્વયંમાં સમાવો, તો દરરોજ આપ લાંબા સમયથી ભગવાન સાથે મિલન મનાવી રહ્યા છો તેવો અનુભવ થશે.

અમૃતવેળાની શરૂઆત કેવી રીતે કરીએ

આંખ ખુલતાં જ અનુભવ કરીએ કે હું આત્મા પરમધામથી આ તનમાં અવતરિત થયો છું. આત્મા દેહમાં પ્રવેશ કરે છે તેવો અનુભવ કરો. અભ્યાસ કરો કે હું ચમકતો મણિ ભૃકૂટિ સિંહાસન પર બિરાજમાન છું. આ દેહનો માલિક છું. મારામાંથી નીકળતાં કિરણો દેહમાં ફેલાઈ રહ્યાં છે. ત્યાર પછી આત્મિક કસરતનો અનુભવ કરો. જેનાથી સુસ્તી દૂર થઈ જશે અને એકાગ્રતા વધશે. પહેલી પાંચ સેકંડ સ્વયંને મસ્તકમાં ચમકતો

આત્મા જુઓ. પાંચ સેકંડ પરમધામમાં ચમકતા સર્વશક્તિમાનને જુઓ કે એનાં કિરણો ચારે તરફ ફેલાઈ રહ્યાં છે. આ અભ્યાસ દસ વખત કરો. એ પછી દસ દસ સેકંડ આ કસરત દસવાર કરો. પછી અભ્યાસ કરો કે જ્ઞાન સૂર્યનાં કિરણો મારા ઉપર પડી રહ્યાં છે. આ રીતે આપ 15 થી 20 મિનિટ સુધી યોગરસ પ્રાપ્ત કરો. પછી સ્વયંને ફરિસ્તા તરીકે જુઓ કે હું આત્મા પ્રકાશના શરીરમાં વિરાજમાન છું. દસ સેકંડ સુધી પોતાના આ સ્વરૂપને જુઓ પછી અભ્યાસ કરો કે હું ફરિસ્તા ઉડીને સૂક્ષ્મ વતનમાં જાઉં છું અને ત્યાં બાપદાદાને સામે જોઈને એમની પાસેથી રુહરિહાનનું સુખ મેળવો. આ રુહરિહાન માત્ર પ્રભુ મહિમા ન હોય, આ રુહરિહાનમાં ફરિયાદો યા પ્રાર્થના ન હોય પણ દિલની પ્રેમભરેલી વાતો હોય.

પછી આપ અભ્યાસ કરો કે હું આત્મા પરમધામમાં સર્વશક્તિવાન સાથે કમ્બાઈન્ડ છું. (જોડાયેલ છું.) એમની શક્તિઓનાં કિરણો મારામાં સમાવું છું. એ પછી આપ વિશ્વના આત્માઓને યા પ્રકૃતિને સકાશ આપો.

હું ફરિસ્તા ગ્લોબના ઉપર બેઠો છું. સર્વશક્તિવાનનાં કિરણો મારા પર પડી રહ્યાં છે અને મારામાંથી ચારે બાજુ ફેલાઈ રહ્યાં છે.

હું ફરિસ્તા અંતરીક્ષમાં છું. મારા પર પવિત્રતાના સાગરમાંથી પવિત્રતાનાં કિરણો પડી રહ્યાં છે અને મારામાંથી ચારે બાજુ ફેલાઈને પ્રકૃતિને પાવન કરી રહ્યાં છે.

આ સૃષ્ટિ એક ઉલટું કલ્પવૃક્ષ છે. હું ઉપર એના મૂળમાં છું. જ્ઞાનસૂર્યનાં કિરણો સંપૂર્ણ કલ્પવૃક્ષમાં મારા માધ્યમથી પ્રવાહિત થઈ રહ્યાં છે.

પાંચ સ્વરૂપોનો અભ્યાસ કરો

મેં અમૃતવેળા શરૂ કરવાની કેટલીક વાતો કરી. આ ક્રમથી કરો તે જરૂરી નથી. ક્રમનું કોઈ મહત્ત્વ નથી. અમૃતવેળાની શરૂઆત પાંચ સ્વરૂપોના અભ્યાસથી પણ થઈ શકે છે. પાંચ સ્વરૂપ આ પ્રકારે છે.

અનાદિ આત્મિક સ્વરૂપ - સ્વયંને ભૃકૂટિ વચ્ચે ચમકતો તારો જુઓ. હું આત્મા દેહથી ન્યારો છું .. હીરો એક્ટર છું... બાબાના નયનોનું નૂર છું.

આદિ સ્વરૂપ - અનુભવ કરો કે હું સતયુગી દેવી યા દેવ છું. સ્વર્ગના મહેલોમાં છું. મારા મસ્તક પર ડબલ તાજ છે. હું રાજગાદી ઉપર રાજ-દરબારમાં બિરાજમાન છું. મારો દેહ અને આત્મા બંને દિવ્ય છે. ચારે બાજુ ખુશાલી છે. અનેક દેવી દેવતા બગીચામાં ફરી રહ્યા છે. સામે પુષ્પક વિમાન છે. હું એમાં બેસીને સફર કરી રહ્યો છું.

પૂજ્ય સ્વરૂપ - હું ગણેશ છું યા દુર્ગા છું યા વિષ્ણુ છું. મંદિરમાં સ્થાપિત છું. સિદ્ધિ દાતા, વિઘ્ન વિનાશક છું.... પરમ પવિત્ર છું. મારી સાથે ભક્ત જયજયકાર કરી રહ્યા છે, હું વરદાની હાથથી એમને આશીર્વાદ આપું છું.. વગેરે.

બ્રાહ્મણ સ્વરૂપ - હવે હું ભગવાનનું સંતાન બ્રહ્મામુખ-વંશાવલી બ્રાહ્મણ છું. હું વિજયી રત્ન છું. ભગવાન મારા સાથી છે. મારા ઉપર એમની છત્રછાયા છે. એમના આશીર્વાદના હાથ મારા મસ્તક ઉપર છે.

ફરિસ્તાસ્વરૂપ - હું ફરિસ્તા છું.... ડબલ લાઈટ... પોતાનું આ ચમકતું સ્વરૂપ જુઓ. મારી ચારે બાજુ લાઈટ માઈટનાં કિરણો ફેલાઈ રહ્યાં છે... આ પાંચ સ્વરૂપોનો અભ્યાસ પહેલાં એક એક સેકંડ પછી ત્રણ, પાંચ, દસ સેકંડ એમ દસવાર અભ્યાસ કરો. જે સ્વરૂપમાં આપણે સ્થિત થઈશું એ એ સ્વરૂપના ગુણ તથા સંસ્કાર આપણામાં પ્રગટ થશે.

બાપદાદાનું આવાહ્‌ન

આપ સવારના સમયે એકલા બેસીને યોગ ના કરો પણ પોતાની સમક્ષ બાપદાદાનું આવાહ્‌ન કરો. જેમ કે આપ પરમધામમાં જાઓ અને શિવબાબાને આમંત્રણ આપો કે આવો પ્રાણેશ્વર અમારી પાસે આવો. બસ જુઓ કે નિરાકાર શિવ નીચે સૂક્ષ્મવતનમાં ઉતરે છે બ્રહ્માના ફરિસ્તા તનમાં પ્રવેશ કરે છે અને નીચે આવે છે... આપનાં દિવ્યનેત્રોથી જુઓ કે બાપદાદા આપની સમક્ષ ઊભા હસી રહ્યા છે. આપને દૃષ્ટિ આપી રહ્યા છે એમનાં કિરણો ચારે બાજુ ફેલાઈ રહ્યાં છે. એમને ધરાઈને જુઓ. એમની સામે બેસીને યોગ કરો. આપનું ઘર ઈશ્વરીય તરંગોથી ભરાઈ જશે અને આપ ખુલ્લા દિલે પ્રેમના સાગરમાં સમાઈને એમની સામે વાતો કરી શકશો. આ રીતે અનુભવ આપ વારંવાર પણ કરી શકો છો. આને તમે કલ્પના સમજશો નહીં. બાબાનો એ વાયદો છે કે જ્યારે પણ તમે બોલાવશો હું તરત ચાલી આવીશ. તે ભક્તોનો પોકાર સાંભળીને ખુલ્લા પગે દોડી આવે છે તો પોતાના પ્રાણોથી પણ પ્રિય વત્સોનો પોકાર સાંભળીને શું નહીં આવે? તે અવશ્ય આવે છે. વિશ્વાસ કરો. બસ આપણને એમને બોલાવતાં આવડતું જોઈએ.

શ્રેષ્ઠ સંકલ્પ કરીએ

એ અતિ આવશ્યક છે કે આપણે અમૃત-વેળાએ આપણા મનને ઓછામાં ઓછું પાંચ શ્રેષ્ઠ સંકલ્પોથી ભરી દો. આ સંકલ્પ સમગ્ર દિવસમાં ચમત્કાર બતાવશે. સૌ અનુભવ કરીને જુઓ. ઉદાહરણ રૂપે કેટલાક સંકલ્પો લખ્યા છે.

- હું નિર્વિઘ્ન આત્મા છું, હું વિઘ્નવિનાશક છું. મારે સ્વયં નિર્વિઘ્ન રહીને બીજાઓના પણ વિઘ્ન દૂર કરવાનાં છે.
- હું હીરો એક્ટર છું. મારા પાર્ટ ઉપર સમગ્ર વિશ્વની નજર છે.
- હું માસ્ટર સર્વશક્તિવાન છું. સર્વશક્તિવાને પોતાની સમસ્ત શક્તિઓ મને આપી છે.
- હું આ સંસારમાં સૌથી અધિક ભાગ્યવાન છું કારણ કે મને ભગવાનનો સાથ મળ્યો છે.
- હું વિજયીરત્ન છું. મારા દરેક પગલે વિજય નક્કી છે.

એક એક શક્તિશાળી સંકલ્પ શક્તિ પેદા કરે છે. જેવા આપણા સંકલ્પ હશે, તેવો જ આપણો આખો દિવસ વ્યતીત થશે.

કેટલીક જાણવા જેવી વાતો

રાત્રે સૂવાના ત્રણ કલાક પહેલાં હળવું ભોજન લો. જેથી સહેલાઈથી પચી શકે. વધારે ભોજન લેનાર સફળ યોગી બની શકતા નથી.

જ્યારે આપણે સૂઈ જઈએ છીએ ત્યારે આપણું મસ્તિષ્ક પણ શાંત બની જાય છે. તેનાથી કેટલાંક કેન્દ્રો બંધ થઈ જાય છે. તો ક્યારેક કોઈનાં કેન્દ્રો ઉઠતાં જ જલ્દી કાર્યરત થતાં નથી. પેટમાં કબજીયાત, ગેસ યા પિત્તની વૃદ્ધિને કારણે બંધ થઈ જાય છે જેને લીધે ઊંઘ આવે છે. એટલે એને જાગૃત કરવા માટે પથારીમાંથી ઉઠીને હાથ મોં ધોવાં, થોડું ફરવું, 10 વખત ઊંડા શ્વાસ લેવા જરૂરી છે. એનાથી મસ્તિષ્કમાં તાજગી આવે છે.

જો આપ સ્નાન કરો તો ઘણું સારું. થોડી ચા પીવામાં પણ વાંધો નહીં. આમ છતાં જો આપને યોગમાં ઊંઘ આવે છે તો ઉઠીને પાંચ દસ મિનિટ ઈશ્વરીય મહાવાક્ય વાંચો. બિંદુ સ્વરૂપનો સંકલ્પ છોડીને કેટલુંક ચિંતન કરો અને બની શકે તો હાલતાં ચાલતાં યોગ અભ્યાસ કરો.

અમૃતવેળાના આનંદ માટે

અમૃતવેળાના આનંદ માટે પૂરી ઊંઘ લેવી જરૂરી છે. ઘણા વહેલા ઉઠીને ચાયનો આધાર લઈ જબરદસ્તી યોગ કરવો હિતકર નથી.

કેટલાક સાધક વિચારે છે કે મમ્મા બે અઢી વાગે ઉઠીને યોગ કરતાં હતાં. આપણે પણ તેમ કરીએ. પરંતુ મમ્મા કેટલા વાગે સૂતા હતાં? તો રાત્રિની 5 કલાકની ઊંઘ બાદ યોગનો આનંદ લઈ શકો છો. જેમને દિવસે આરામનો સમય મળતો નથી, એમના માટે રાત્રિની 6 કલાકની ઊંઘ અતિ આવશ્યક છે. જો શરીરમાં કોઈ બીમારી હોય, શરીર નબળું હોય તો ઊંઘનો સમય વધારી પણ શકાય છે.

કેટલાક લોકો સવારે બે વાગે ઉઠીને યોગ કરે છે અને એક યા બે કલાક જ યોગ કરે છે ત્યાં થાક લાગે છે તો તેઓ સૂઈ જાય છે. એના કરતાં સવારે ચાર વાગે ઉઠીને યોગનો આનંદ લો તે શ્રેષ્ઠ છે. યોગ પછી આપને થોડા સમય સૂઈ જવાની ઈચ્છા થાય છે યા જરૂર પડે છે તો વાંધો નહીં. પરંતુ ઉઠતાં જ ફરીથી એ સ્થિતિમાં સ્થિત થઈ જવું જોઈએ. તમે સવારે યોગનો જેવો અભ્યાસ કરવા ઇચ્છો છો તેવા રાત્રે કરીને સૂઈ જાઓ. ટી.વી. જોઈને સૂઈ જનારા અમૃતવેળાએ અમૃતપાન કરી શકતા નથી.

તો આવો, સવારે ઉઠીને ભગવાનને મળો. એમની પાસેથી શ્રેષ્ઠ પ્રેરણાઓ પ્રાપ્ત કરો. એમની પાસેથી સમસ્યાઓનું સમાધાન મેળવો. પોતાનો બધો બોજ પરમાત્માને સોંપીને ડબલ લાઈટ બનો. જેઓ પોતાના જીવનમાં મહાન લક્ષ્ય પામવા ઈચ્છે છે તેઓ રોજ સવારે પોતાના લક્ષ્યને દૃઢ કરે. સ્વયં કંઈક વ્રત લો તો આખો દિવસ રુહાનિયતમાં વીતશે. અનુભવ થશે કે સદા ભગવાન આપણા સાથી છે, આપણે એમની અતિ સમીપ છીએ.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 31નું અનુસંધાન)... શ્રેષ્ઠ ચિંતન દ્વારા

- વિચાર-વ્યવહાર, સંબંધ-સંપર્કમાં શુદ્ધિની અનુભૂતિ થાય છે.
- વિકર્મ વિનાશ થવાથી આત્મા સતોપ્રધાન બને છે તે અનુભવ થાય છે.

યોગમાં શ્રેષ્ઠ ચિંતન દ્વારા જીવન-વ્યવહારમાં કયું પરિવર્તન આવે છે?

- ઓછું બોલો, ધીરે બોલો, મીઠા બોલોની ધારણા થાય છે.
- ચહેરો હંમેશા હર્ષિતમુખ રહે છે.
- સ્નેહયુક્ત વ્યવહાર બને છે.
- ચાલ-ચલન રોયલ બને છે.
- સૂક્ષ્મમાં પણ ક્રોધ સંસ્કારોના ટક્કરથી બચી શકાય છે.
- કોઈપણ પરિસ્થિતિમાં અવસ્થા અચલ, અડોલ રહે છે.
- સ્વયંના કર્મમાં સહનશીલતા અને ધૈર્યતા ધારણ થાય છે.
- મનસા, વાચા, કર્મણા પવિત્રતાની ધારણા થાય છે.
- હંમેશાં અંતર્મુખતાની ધારણા શક્ય બને છે.

॥ ઓમશાંતિ ॥

પ્રસન્નતાના પથ પર

રાજયોગ

બ્ર.કુ. શિવાનીબેન, ગુરુગ્રામ, હરિયાણા

બ્રહ્માકુમારીઝ દ્વારા જે મેડીટેશનની પદ્ધતિ શીખવાડવામાં આવે છે તે છે રાજયોગ મેડીટેશન. યોગ અર્થાત્ જોડાણ અથવા પરમાત્માની સાથે સંબંધ. રાજયોગ સર્વશ્રેષ્ઠ, ઊંચામાં ઊંચો યોગ છે. જ્યાં આત્માનો પરમાત્મા સાથે સંબંધ જોડાઈ જાય છે. તે રાજયોગ છે. જેનાથી આપણે સ્વયં પર નિયંત્રણ કરી શકીએ છીએ. આપણે ઘરગૃહસ્થમાં રહીને પણ રાજયોગ શીખી શકીએ છીએ. મેડીટેશન એક દક્ષતા છે. એક ઉર્જા છે. જે આપણને યોગાભ્યાસથી મળે છે. જેથી દરેક પ્રકારની પરિસ્થિતિ આપણે પરેશાન થયા વગર પસાર કરી શકીએ છીએ. શારીરિક બીમારી માટે ડોક્ટર આપણને દવા આપે છે તે રીતે મેડીટેશન આપણી માનસિક બીમારીઓને સમાપ્ત કરી દે છે. આધ્યાત્મિકતા અને મેડીટેશન એક શિક્ષણ છે જે આપની શક્તિઓનો યોગ્ય સ્વરૂપમાં વિકાસ કરે છે. મેડીટેશનથી આપણી સ્મૃતિ શક્તિનો પણ વિકાસ થાય છે. જેમ જેમ વ્યર્થ અને નકારાત્મક સંકલ્પો સમાપ્ત થતા જાય છે તેમ તેમ એકાગ્રતાની શક્તિ વધે છે. જેનાથી આપણે થોડા સમયમાં ઘણું બધું કામ કરી શકીએ છીએ. મેડીટેશનથી આપણાં વ્યસનો દૂર થાય છે.

રાજયોગથી તનાવ દૂર થાય છે. મન સ્વસ્થ બને છે. મન સ્વસ્થ રહેશે, તો શરીર પણ સ્વસ્થ બનશે. યોગાભ્યાસથી આત્માના સાત ગુણો - સુખ, શાંતિ, આનંદ, પ્રેમ, પવિત્રતા, શક્તિ, જ્ઞાનની અનુભૂતિ થાય છે. હું આત્મા મન, બુદ્ધિ, સંસ્કાર સહિત ચૈતન્ય શક્તિ છું. શાંતિધામ નિવાસી હું આત્મા જ્યોતિર્બિન્દુ સ્વરૂપ છું. જ્યારે યોગાભ્યાસ કરતી વખતે લાંબા ગાળાના અભ્યાસથી આત્મિક સ્થિતિ પરિપક્વ બને છે ત્યારે યોગાભ્યાસ સરળ, સહજ બને છે.

હજારો વર્ષોથી મહાન આત્માઓએ, ધર્માત્માઓએ, સંત આત્માઓએ, અલગ અલગ લોકોએ આવીને આપણને એ પરમાત્માનો પરિચય આપ્યો. દરેકે જે દૃષ્ટિથી જોયા, જે સંબંધથી એમને ઓળખ્યા અને જે સંબંધથી એમને જાણ્યા એ અનુસાર એમણે પરિચય આપ્યો. અલગ અલગ કોઈની વાત કરી નથી. તેઓ સૌ એક જ શક્તિનો પરિચય આપી રહ્યા હતા. પણ તેમાં પરમાત્માનો સો ટકા સાચો પરિચય નહોતો. સૃષ્ટિચક્રમાં એક એવો સમય આવે છે જ્યારે પરમાત્મા સ્વયં આવીને પોતાનો સાચો પરિચય આપે છે.

તો પરમાત્માનું સ્વયં ઘોષિત કરેલું નામ છે શિવ. શિવનો અર્થ છે બીજ. એની અંદર સમગ્ર સૃષ્ટિનું જ્ઞાન છે. શિવ અર્થાત્ કલ્યાણકારી. તે કદી કોઈનું અકલ્યાણ કરતા નથી. જ્યારે આપણે શિવ કહીએ છીએ તો એમને કોઈ ધર્મ સાથે જોડવામાં ના આવે. શિવને, શંકરની જે મૂર્તિ છે એની સાથે ના જોડીએ. શંકરજી દેવતા છે. શિવ અર્થાત્ જ્યોતિ સ્વરૂપ. તેઓ આપણા પિતા છે એટલે અમે શિવબાબા કહીને એમને યાદ કરીએ છીએ. તેઓ નિરાકાર જ્યોતિ સ્વરૂપ પરમાત્મા છે.

રાજયોગમાં પરમાત્મા સાથે સંબંધ જોડવાનો છે. જ્યાં આપણે મનની રચનાત્મકતાનો ઉપયોગ કરીએ છીએ. પરમાત્મા સાથે સંબંધ સ્થાપિત કરવાનું સરળ છે. કોઈને યાદ કરવાના ચાર

આધાર હોય છે. (૧) પરિચયના આધારે યાદ (૨) પ્રાપ્તિના આધારે યાદ (૩) સંબંધના આધારે યાદ (૪) સ્નેહના આધાર પર યાદ. પરમાત્માનો આપણને જે વિસ્તૃત અને સંપૂર્ણ પરિચય મળ્યો છે. જેના આધારે પરમાત્માની યાદ આવે છે. પરમાત્મા સાથે સંબંધ સ્થાપિત કર્યા બાદ પરમાત્મા દ્વારા એટલી દિવ્ય પ્રાપ્તિઓ થાય છે કે જેને વર્ણવી પણ શકતા નથી. પરમાત્મા સાથે સર્વ સંબંધોની સ્થાપના કરી એની અનુભૂતિ કરવાથી પરમાત્માની યાદ ભૂલાતી નથી. પરમાત્માએ આપણને એટલો નિઃસ્વાર્થ પ્રેમ આપ્યો છે જેવો આજ સુધી આપણને કોઈએ આપ્યો નથી. જો આ ચાર બાબતોનું ગહન ચિંતન કરીએ તો યોગ લાગવો અતિ સહજ, સરળ બને છે.

મેડીટેશન એક આંતરિક યાત્રા છે. આમ તો ચોવીસ કલાક ગમે ત્યારે મેડીટેશન કરી શકાય છે પણ પરોઢિયે ૪ થી ૫નો સમય વધારે આદર્શ છે. આ સમયે વાયુમંડલ ઘણું શાંત હોય છે. મન આ સમયે જાગૃત અવસ્થામાં આવી જાય છે. આપ ખુલ્લે આંખે ચિંતન કરો કે હું શાંત સ્વરૂપ આત્મા છું. આત્મિક સ્મૃતિ પછી પિતા પરમાત્માને યાદ કરો. જેવી તમારી સ્મૃતિ હશે તેવી તમારી સ્થિતિ બનશે. આત્મ અભિમાની સ્થિતિમાં બેસવાથી પરમાત્માની યાદ સ્વાભાવિક રીતે આવે છે. આપણે પરમધામ ઘરથી આવ્યાં હતાં. તો આપણે પરમધામનો પણ અનુભવ કર્યો છે. આપણે પિતાની સાથે ત્યાં રહેતા હતા એની સાબિતી એ છે કે આજે જ્યારે આપણે દુઃખી થઈએ છીએ. તો એમને યાદ કરીએ છીએ.

આપણે જ્યારે મેડીટેશનનો અભ્યાસ કરીએ છીએ તો અંદરમાં હીલિંગની શરૂઆત થાય છે. આખો દિવસ કર્મ કરવામાં યા લોકોને મળવામાં શક્તિઓની જરૂર પડે છે. જ્ઞાન તો મળી ગયું પણ તેને અમલમાં લાવવા માટે શક્તિ જોઈએ. જે મેડીટેશનથી આપણામાં આવે છે. આપણામાં પહેલી જે શક્તિ આવે છે તે વિસ્તારને સમેટવાની શક્તિ છે. આ ઘણી મહત્ત્વપૂર્ણ શક્તિ છે. કાચબાને જ્યાં ભય લાગે છે ત્યાં તે પોતાના અંગોને સમેટી લે છે. જ્યાં કોઈના વાણી, વ્યવહારમાં નકારાત્મક વલણ જોવા મળે, તો સાવધ થઈ જાઓ. મારે સ્વયંને સુરક્ષિત રાખવાના છે. આ મેડીટેશનથી સહનશક્તિ ઘણી વધી જાય છે. આપ મોટે ભાગે હળવા રહી શકો છો. સહનશક્તિ આવવાની સાથે જ સમાવવાની શક્તિ આવી જાય છે. જે સમાવી શકતાં નથી તે ઘરની વાત બહાર કરવા લાગે છે. જેનાથી સંબંધો બગડે છે.

આજકાલની દુનિયામાં દગા, છેતરપિંડી વગેરેથી સુરક્ષિત રહેવાનું છે. સૌથી મોટી વાત એ છે કે સત્ય શું છે અને અસત્ય શું છે? જ્યારે આપણી બુદ્ધિની લાઈન સ્પષ્ટ હશે ત્યારે જ આપણે પારખી શકીશું. કોઈ પણ વાતનો નિર્ણય લેતાં પહેલાં સ્વયં ન્યાયાધીશ બનીને તપાસવાનું છે. જ્યારે પારખવાની શક્તિ બરાબર નહીં હોય ત્યારે નિર્ણય લેવાનું મુશ્કેલ બને છે. જરૂર પડે ત્યાં સામનો કરવાની શક્તિનો પણ ઉપયોગ કરવો. આજે જ્યાં સામનો કરવાનો હોય, ત્યાં સહન કરી લઈએ છીએ. જ્યાં સહન કરવાનું હોય ત્યાં સામનો કરીએ છીએ. જીવનમાં દાણી બધી પરિસ્થિતિઓનો સામનો કરવાની શક્તિ જોઈએ. જ્યારે કોઈ પોતાનું શરીર છોડે છે ત્યારે સ્વયંને એ સમજાવવાનું છે કે મારો પ્રેમ આત્મા સાથે હતો. આત્મા ચાલ્યો ગયો છે. તેણે બીજી જગ્યાએ જન્મ લીધો છે. જો મને ખરેખર એ આત્મા પ્રત્યે પ્રેમ છે તો મારે એને શાંતિનાં વાયબ્રેશન આપવાનાં છે. જેટલું આપણે મેડીટેશન કરીએ છીએ તો સર્વશક્તિઓ આપણામાં આવી જાય છે.

રાજયોગ કર્મની ગહનગતિનું જ્ઞાન આપે છે. જેથી મન, વાણી, કર્મથી કાર્ય વ્યવહારમાં આવતાં આપણું કર્મની ગુણવત્તા ઉપર ધ્યાન જાય છે. જેથી વિકર્મ થતાં નથી. એટલે આપણે કર્મની

જવાબદારી લઈને એનો સ્વીકાર કરવાનો છે. આપણે ભૂતકાળમાં કરેલાં કર્મોના હિસાબ કિતાબને સમાપ્ત કરવાનો છે. સાથે સાથે નવાં એવાં કર્મો ના થાય, જેનો હિસાબ કિતાબ બને. એનું પણ ધ્યાન રાખવાનું છે.

જ્યારે આપણે આત્મઅભિમાની સ્થિતિમાં આવીએ છીએ તો એ સત્યતાની સાથે દરેક કર્મ કરીશું કે હું આત્મા છું. આ મારા ગુણ છે. મારે કોઈની પાસેથી કંઈ ના જોઈએ. એટલે મને કોઈ ભય નથી. ધીરે ધીરે ક્રોધ, ઈર્ષ્યા, ભયના મારા સંકલ્પો સમાપ્ત થતા જશે. જો હું ભૂલી જાઉં છું તો મારે સ્વયંને જાગૃત કરવાના છે. એટલે ઘણાં બધાં સેન્ટર્સ છે. જ્યારે આ યાત્રા પર આપણે એકલા નીકળીએ છીએ તો, આવા લોકોના સાથની આવશ્યકતા છે. તેઓ જાગેલા હોય છે. આપણે જે વાયુમંડલમાં રહીએ છીએ ત્યાં બધાં જ (જ્ઞાનની દૃષ્ટિથી) સૂતેલાં હશે તો આપણે (જ્ઞાનથી જાગેલા હોવા છતાં પણ) સૂઈ જઈએ છીએ. તેથી પરમાત્માએ સર્વ સ્થળોએ બ્રહ્માકુમારીઝનાં સેવાકેન્દ્રો બનાવેલાં છે. ત્યાં નિયમિત રીતે જ્ઞાન યોગ અધ્યયન માટે જવું જોઈએ. ત્યાં પ્રત્યેક વ્યક્તિ પોતાની આત્મિક સ્મૃતિથી જાગેલો હોય છે. આપ એમના અનુભવો સાંભળો છો, એમની યાત્રા વિશે જાણો છો તો આપને એ પ્રેરણા મળે છે કે આપના રસ્તામાં આવતી અડચણોને આપ સહજતાથી પાર કરી શકો છો.

આપણે ધ્યાનથી દિવસની વિચારધારામાં પરિવર્તન કરવાનું છે. આપણને એ સમજાય ગયું કે આ નકારાત્મક કર્મ છે કે સકારાત્મક કર્મ છે. આપ વારંવારના અભ્યાસથી એ ચિંતન કરો કે હું આત્મા છું અને આત્મા સાથે વાત કરી રહ્યો છું. આત્મા જ્યારે સૌથી પહેલાં આવ્યો હતો ત્યારે હું શાંત આત્મા છું, હું પવિત્ર આત્મા છું. એ સંસ્કારો હતા. એના પછી ક્રોધ, ઈર્ષ્યા, દ્વેષ આદિનાં સંસ્કારોનું પડ આત્મા ઉપર ચઢતું ગયું. આપણે કોઈ નવા સંસ્કાર બનાવી રહ્યા નથી બસ એની ઉપર લાગેલાં વિકારોનાં પડને યોગાગ્નિથી દૂર કરી રહ્યાં છીએ. હવે બીજાઓને દોષ આપવાને બદલે સ્વયંને જુઓ કે એવું કયું કારણ છે જેથી મને દર્દ થઈ રહ્યું છે. મારે હવે કર્મના હિસાબ કિતાબને સમાપ્ત કરવાનો છે.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 08નું અનુસંધાન)... ભાવના - નિશ્ચય

કે સર્વ શક્તિવાન શિવબાબા બ્રહ્માના તનમાં પ્રવેશ કરીને મુરલી સંભળાવે છે. આ ભાવના રાખો. નિશ્ચય એ છે કે બુદ્ધિમાં સમજી લીધું કે આ બરાબર છે. મેં માની લીધું. સ્વીકાર કરી લીધો. મેં સમજી લીધું. ભાવનામાં બીજી કેટલીયે બાબતો છે જે નિશ્ચયમાં નથી. નિશ્ચય તો આપણી પાયાની ચીજ છે. નિશ્ચય જરૂર જોઈએ પણ નિશ્ચય સાથે બીજી કેટલીક બાબતોની જરૂર છે. આપણે આત્માઓ છીએ. પરમાત્માનાં સંતાન છીએ. પરમાત્મા પરમધામ નિવાસી છે, સર્વવ્યાપી નથી. આ નિશ્ચય છે. હે બાબા, મારું જીવન તમારું છે. હું તમારા ઉપર કુરબાન છું. આ ભાવના છે. બ્રાહ્મણ આત્મામાં સેવા, ધારણા, યોગ અને જ્ઞાન નંબરવાર હોય છે. શા માટે? કારણ કે ભાવના નંબરવાર હોય છે. ભાવનાના આધાર પર જ પુરુષાર્થ અને પદનો તફાવત હોય છે. જે રીતે દાદીજીનો છે. દાદીજી વિશે આપ સમજો છો કે દાદીજી આદિ રત્ન છે, સારાં જ્ઞાની છે, મહાન યોગિની છે. ત્યાગી છે, સરળ છે, સર્વનાં સ્નેહી છે. આ છે નિશ્ચય. પણ દાદીજી મહાન છે. બાબાએ જ એમને નિમિત્ત બનાવ્યાં છે. એ ફેંસલો બાબાનો છે. કારણ કે એ બાબાના સ્થાન પર બેઠાં છે. બાબાએ જ એમને પોતાના આસન પર બેસાડ્યાં છે. એમની દરેક વાત અમને મંજુર છે. આ ભાવના છે.

॥ ઓમશાંતિ ॥

નવરાત્રિ

બ્ર.કુ. નલિનીબેન, ઘાટકોપર, મુંબઈ

રાત્રિ એટલે અંધારું. રાત્રિ અંધારાની સૂચક છે. મનુષ્યજીવનની નકારાત્મક ભાવનાઓને પ્રગટ કરવાનો શબ્દ પણ રાત્રિ જ છે, અર્થાત્ દુઃખ, અશાંતિ, નિરાશા, ઉદાસીનતા વગેરે નકારાત્મક ભાવનાઓની સૂચક રાત્રિ જ છે.

જ્યારે કોઈ દિશાવિહિન થઈને ભટકે છે, લક્ષ્યહીન થઈને અસંમજસતા અનુભવે છે, ત્યારે રાત્રિ સાથે તેની તુલના કરવામાં આવે છે. દરેક દિવસ બાદ રાત્રિ આવે છે અને રાત બાદ પ્રકાશ-સભર દિવસ આવે છે. દરેક રાત્રિ દિવસની સમાપ્તિની સૂચના આપે છે, અજવાળાની આશા જગાવે છે. આ પ્રકારે રાત-દિવસના ચક્રમાં પ્રાણી પોતાના જીવનનાં અનેક ચક્કર કાપતો રહે છે.

અંધારું ઉપેક્ષિત છે, અજવાળું અપેક્ષિત છે. દરેક પોતાના જીવનમાંથી અંધારાને દૂર કરવા ઈચ્છે છે. નિરાશા, ઉદાસીનતા ભટકવું વગેરે અંધારાને જોડાયેલી દુર્ભાવનાઓથી બચવા ઈચ્છે છે. દરેક મનુષ્ય અજવાળું, પ્રકાશ ઈચ્છે છે, એના માટે જેટલા પ્રયત્ન કરવા પડે એને માટે એ યુદ્ધની જેમ ઝઝૂમવા તૈયાર છે. અજવાળું એને પોતાનું લાગે છે. એને કારણે એ જીવનમાં ખુશ છે, સુખી છે, એની પાસે શાંતિ, આનંદ, પ્રેમ, ઉમંગ, ઉત્સાહ છે. કંઈ કરી જવાની ઉત્કંઠા છે. જીવનના અજવાળામાં મનુષ્ય સ્વયંના અસ્તિત્વને સત્ય રૂપમાં જોઈ શકે છે, અનુભવી શકે છે. સ્વયંના જીવવાનાં કારણને સમજી શકે છે. અજવાળામાં પોતાના અસ્તિત્વને સાર્થક કરી શકે છે.

પરંતુ અહીં વાત અજવાળાની નહીં રાત્રિની થાય છે. આ કઈ રાત છે જેની રાહ જોવાય છે, જેને ઉત્સવનાં રૂપમાં ઉજવવાની પૂર્વ તૈયારી થાય છે, જે રાત્રિને પામવા માટે તરસે છે, પસંદ કરે છે.

જેવી રીતે ભૂખ્યું તરસ્યું બાળક પોતાની મા માટે તડપતું હોય છે કારણ કે 'મા' એને પોતાની મમતાથી સંતુષ્ટ કરે છે. આ રાત્રિ પણ એક શ્રદ્ધાળુ ભક્તને પોતાના ઈષ્ટથી મેળાપ કરાવે છે, બાળકનું મા સાથે મિલન કરાવે છે, અંધારામાં અથડાતાં માનવીને સૂર્યના પ્રથમ કિરણનો નવો પ્રકાશ દર્શાવે છે. દુઃખ, નિરાશા, ઉદાસીનતા તથા નકારાત્મક ભાવનાઓનું સૂચક નહીં પરંતુ અંધારામાં ઝગમગતા તારા - નક્ષત્ર અને માર્ગ-પ્રદર્શક ધ્રુવ તારા સમાન છે. શીતળ ચંદ્રમાનો પ્રકાશ પ્રદાન કરવાવાળી છે. તેથી આ રાતને પામવા ઈચ્છીએ છીએ. તો આ રાત્રિ ઈષ્ટ દેવીઓ, શિવશક્તિઓ સાથે જોડાયેલી છે જે રાત્રિ 'નવરાત્રિ' નામના ધાર્મિક તહેવાર રૂપે મનાવવામાં આવે છે. જે નવરાત્રિ નામને સાર્થક કરે છે અર્થાત જીવનમાં નવીનતા લાવે છે, અર્થાત્ ઉત્સાહ, ઉમંગ, આશા, પ્રેરણા, જોશ, હિંમત એવી અનેક સકારાત્મક ભાવનાઓના પ્રકાશને પવિત્રતા સુખ શાંતિ સાથે લાવે છે, શા માટે રાહ જોવાય આ રાત્રિની !! !!

તો યાદ કરીએ ભારતના એ અનેકાનેક દેવદેવીઓને જેમનું ગાયન - પૂજન - મહિમા શાસ્ત્રોમાં છે. પ્રત્યેક દેવીની વિશેષતાઓ, શક્તિ અને ગુણ વર્ણન કરવાવાળાં અલગ અલગ નામ આપેલ છે. જેવી રીતે લક્ષ્મી - ધનની દેવી, દુર્ગા - શક્તિની દેવી, સરસ્વતી - જ્ઞાનની દેવી, ગાયત્રી - સર્વ મનોકામનાઓ પૂર્ણ કરવાવાળી દેવી, સંતોષી - સંતુષ્ટતાની દેવી એવી જ રીતે જગતઅંબા - સર્વ શક્તિઓની દાતા દેવી. આ રીતે વિભિન્ન

દેવીઓના વિભિન્ન ગાયન છે. દરેક દેવીનું આધ્યાત્મિક રહસ્યથી સભર વિશેષ વાહન કે આસન પણ છે, ઉદાહરણ તરીકે સરસ્વતીની મોર પર સવારી, જગતઅંબાની સિંહ પર સવારી, લક્ષ્મીજીનું કમલ આસન. વિવિધ દેવીઓની વિવિધ શક્તિઓને પણ અસ્ત્ર શસ્ત્રના રૂપમાં દર્શાવેલ છે. જે શસ્ત્રોમાં તલવાર, ત્રિશુળ, ખડગ, કુહાડી વગેરે અનેક શસ્ત્ર દેખાડવામાં આવેલ છે. આશ્ચર્યની વાત છે કે એકતરફ એમને અસુર સંહારિણીના ભયાનક રૂપમાં બતાવવામાં આવે છે તો બીજી તરફ અતિ આકર્ષક મોહિની દર્શન, મમતામૂર્ત મા સમાન રૂપ બતાવવામાં આવે છે. ભક્તજન એમને મા-મા કહીને યાદ કરે છે, મંત્ર બોલે છે, સ્તોત્ર ગાય છે, આરતી આરાધના, પૂજા ઉપાસના કરે છે, સિદ્ધિઓને પણ પ્રાપ્ત કરે છે અને ગુજરાતમાં તો જેટલા લોકો તેટલા ગરબા ગાય છે, મા ના નામની, રૂપની, કર્તવ્યોની, ગુણની, શણગારની, નિવાસસ્થાનની, એમના સંબંધ સંપર્ક, વ્યવહારમાં આવનારની બધાની મહિમા થાય છે.

તો પ્રશ્ન થાય છે કે એ કઈ નારીઓ હતી કે જે નારીઓને મંદિરોમાં અવિનાશી, પૂજનીય ઉંચ સ્થાન પ્રાપ્ત થયું? ક્યા સમયે એ નારીઓ આ ધરતી પર હતી? ક્યા એ અસુરો હતા કે જેમનો એમણે સંહાર કર્યો? તો શાસ્ત્રોમાં અસુરોના સંહારની તથા માના કર્તવ્યોની ગાથાઓ લખેલી છે. દરેક કથા સાથે, વિશેષ અસુરોનાં નામ જોડાયેલ છે. વર્તમાન સમય એવા સંહાર કરવાને યોગ્ય રાવણ, દુઃશાસન, દુર્યોધન, મહિષાસુર, અકાસુર, બકાસુર અસુર વગેરે.... તો ઘર ઘરમાં વિરાજમાન છે, અને ગુપ્ત રુપમાં પોતાના જુલ્મોથી, પોતાની સતામણીથી, અનેક સીતાઓને, દ્રૌપદીઓને, સતાવી રહ્યા છે. જે ભારત દેશમાં પૂર્વજોએ, ઋષિયોએ, મુનિયોએ, શાસ્ત્રોએ એ શીખવાડ્યું કે 'યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે રમન્તે તત્ર દેવતા' અહીં તો ન નારીની પૂજા છે અને ન કોઈ રમણ કરતા દેવતા દેખાય છે. તો એ સુવર્ણકાળ ક્યારે હતો જ્યારે આ દેવીઓ, શક્તિઓની ગાયન ગાથા, વાસ્તવિક સ્વરૂપમાં હતી? તો શું એવો સમય ફરી આવશે જ્યારે આ દેવીઓ, શક્તિઓ વાસ્તવિક સ્વરૂપમાં નારીના રૂપમાં જન્મ લઈને ઘર ઘરમાં પોષાતાં અને સતામણીઓ કરતાં, સૃષ્ટિને દુઃખો, અશાંત તેમજ કાજળ જેવી કલંકિત અને કાળી કરવાવાળા અસુરોનો સંહાર કરે, એવો પુણ્ય ઉદય સૃષ્ટિ પર જોઈ શકીશું? સુખનાં સૌભાગ્યના એ પ્રથમ કિરણનો અનુભવ કરી શકીશું? કે પછી ફક્ત આપણે દેવીઓને, શક્તિઓને યાદ કરતા રહીશું, ફરિયાદ કરતા રહીશું, દુઃખી થઈને મા મા કરીને, રડી રડીને ફક્ત બોલાવતાં રહીશું!!!

સુર અને અસુર

સુર એટલે દેવતા અને અસુર એટલે જે દેવતા નથી એ. દેવતાનો અર્થ જે દિવ્ય પ્રકૃતિવાળા, દિવ્ય ગુણધારી, મુકુટધારી, શાસન અધિકારી, દિવ્ય મનુષ્યોને સુર કહેવાય છે. જે પવિત્ર હતાં, સુખ, શાંતિ, આનંદમાં રમણ કરતા હતાં, જે પોતાની પ્રજાને પણ સુખ, શાંતિ, સંપત્તિ ધનધાન્યથી ભરપૂર અને સંપન્ન રાખતા હતાં. જેઓ સ્થૂળ અર્થાત્ અસ્ત્ર શસ્ત્ર દ્વારા હિંસા અને સૂક્ષ્મ અર્થાત્ વિકારો દ્વારા હિંસાથી દૂર રહેતા હતાં. અર્થાત્ જેઓ શાંત, શીતળ, ધૈર્યતા, નમ્રતા અને અહિંસક સ્વભાવવાળાં હતાં. અર્થાત્ ક્રોધ-લોભ-મોહ મુક્ત હતાં. આ રીતે તેઓ વિકારોથી પણ મુક્ત હતાં. અસુર એટલે વિષય વિકારોથી ગ્રસ્ત, બેતાજ બાદશાહ બનીને ચાલવાવાળાં, ડબલ હિંસક અર્થાત્ સ્થૂળ હિંસાની સાથે સાથે

સૂક્ષ્મ હિંસા પણ કરતા રહેવાવાળા. લોભ, લાલચ, અભિમાન, ઘૃણા, વૈરવૃત્તિ, બદલો લેવાની ભાવના, ઈર્ષ્યા, દ્વેષ, અસત્ય બોલવું, ઠગી કરવી વગેરે વગેરે.... સ્વયમ્ ત્રસ્ત અને અન્યને પણ ત્રસ્ત કરવાવાળાને અસુર કહેવું એ ખોટું નથી.

આ દેવીઓ ને શા માટે શિવશક્તિ કહેવામાં આવે છે?

પ્રત્યેક મનુષ્યનું જીવન, જન્મ-જીવન-મૃત્યુની શૃંખલામાંથી પસાર થાય છે. અને જન્મથી મૃત્યુ સુધીના જીવનકાળમાં અનેકાનેક અનુકૂળ-પ્રતિકૂળ, અનેકાનેક નાની મોટી પરીક્ષાઓ, વિરોધાભાસી પરિસ્થિતિઓ આવે છે, કર્મભોગનો કે વ્યાધિના રુપમાં કે પછી કુદરતી આપદાઓ કે ઋતુઓનાં અભિશાપના રુપમાં કે અનેક પ્રકારની કમજોરીઓનાં રુપમાં, અવગુણ જેને કારણે જયને બદલે પરાજય થાય છે અર્થાત્ હાર-જીત વગેરે વગેરે.... અનેકાનેક વાતો સામે આવે છે. મનુષ્યને આ વાતોમાં વિજય પ્રાપ્ત કરવા વિભિન્ન શક્તિઓની જરૂર પડે છે. જેવી રીતે સહનશક્તિ, સામનો કરવાની શક્તિ, પારખવાની શક્તિ, નિર્ણય કરવાની શક્તિ, સમાવવાની શક્તિ, વિસ્તારને સંકીર્ણ કરવાની શક્તિ, સમેટવાની શક્તિ, સહયોગ શક્તિ, સ્વીકાર કરવાની શક્તિ, ક્ષમા શક્તિ, ભૂલવાની- ભૂલાવવાની શક્તિ, યાદ રાખવાની શક્તિ વગેરે વગેરે... તો આ શક્તિઓને મનુષ્ય ક્યાંથી પ્રાપ્ત કરશે? ત્યારે મનુષ્ય આ દેવીઓ પાસે આવે છે. આ શિવશક્તિઓ પાસે શક્તિ માટે નતમસ્તક થઈને ઝોલી ફેલાવીએ છીએ. ત્યારે એમના દુઃખ-કૃપાળુ બની એમને શક્તિશાળી બનાવે છે, ધન્ય કરે છે, ખુશહાલ કરે છે, ભગવાન-ઈશ્વર પ્રતિ એમની આસ્થા-શ્રદ્ધા-ભક્તિ-પ્રેમ અને વિશ્વાસ વધારે છે. તેથી એમને શિવ શક્તિ કહેવામાં આવે છે. એમનું ગાયન થાય છે, પૂજન થાય છે અને માની દરેક પળે યાદ આવે છે.

ગરબા રાસ શું છે? શા માટે છે?

નવરાત્રિમાં દેવીઓ, શક્તિઓના પૂજનની સાથે સાથે દીપ પ્રજ્વલન પણ કરવામાં આવે છે, સાથે સાથે પૂજા-આરતી-અર્ચના શા માટે છે? એ સહજ સમજાય છે, પરંતુ આ ગરબા-રાસ શું છે? શા માટે કરવામાં આવે છે? ગરબા-રાસમાં સંગઠિત રુપમાં મહિલાઓ કે પુરુષવર્ગ કે પછી બંને મળીને એકસાથે તાલ સાથે તાલ મેળવીને, બે હાથોના પંજાને મેળવીને તાળી દ્વારા અવાજ સંભળાવે છે કે પછી દાંડિયા (બે લાકડીઓ) દ્વારા અવાજ પ્રકટ કરીને ખુશીને વ્યક્ત કરે છે. એ જોઈને એવું નથી લાગતું કે પ્રત્યેક ઘરના માલિક સાથે એ ઘરનાં પ્રત્યેક સદસ્ય એ માલિકને ઘર વ્યવસ્થાનાં સંચાલન સાથી બનીને, ભુજા બનીને સાથ દઈ રહ્યાં છે. તો આ સર્વના સંગઠન, એકતા અને સાથના પરિણામ સ્વરૂપે ઘર આનંદથી નાચી રહ્યું છે. ઘરમાં ખુશહાલી છવાયેલ રહે છે. ઘરમાં નાનાં મોટાં લડાઈ-ઝગડા થવા છતાં પણ તાલ સાથે તાલ મેળવીને અર્થાત્ સ્વભાવ-સંસ્કાર ટકરાવા છતાં, સુખ-દુઃખનાં ચક્કરના ફેરામાં ફરતા આનંદ માણતાં, થાકવા છતાં પણ જીવનને માણતાં રહીને, એકબીજા સાથે જીવનની ક્ષણોને ખુશીથી જીવે છે, રમે છે.

રાત્રિ કઈ?

હવે ' નવરાત્રિ ' શબ્દમાં જે રાત્રિ શબ્દ આવે છે એનું મહાત્મ્ય જાણીએ. હવે આ કઈ રાત્રિ છે? જે દેવીઓ, શક્તિઓ સાથે જોડાયેલી છે. આ રાત્રિ છે શાસ્ત્રોક્ત બ્રહ્માની રાતવાળી રાત્રિ. કાલચક્રમાં અડધો સમય છે બ્રહ્માનો દિવસ અને અડધો સમય છે બ્રહ્માની રાત. અર્થાત્ ચાર યુગોમાં બે યુગ

સતયુગ, ત્રેતાયુગ છે બ્રહ્માનો દિવસ અને દ્વાપરયુગ કલિયુગ છે બ્રહ્માની રાત્રિ. તો જ્યારે બ્રહ્માની રાત્રિનો ઘોર અંધકાર એટલે કે કલિયુગનો અંતિમ સમય હોય છે. જ્યારે સૃષ્ટિ પર ભ્રષ્ટાચાર, પાપાચાર, દુઃખ, અશાંતિ અને વિષય વિકાર પડાવ નાખીને બેઠા હોય છે. લોકો ધર્મભ્રષ્ટ, કર્મભ્રષ્ટ થઈ જાય છે એ સમયને ધર્મગ્લાનિનો સમય કહેવામાં આવે છે. ત્યારે સ્વયં સર્વશક્તિમાન પરમપિતા પરમાત્મા શિવ ગીતામાં આપેલ પોતાના વચન પ્રમાણે સૃષ્ટિ પર અવતરિત થાય છે. પરમપિતા પરમાત્મા 'શિવ' જે 'જ્યોતિબિંદુ' છે, અર્થાત્ પ્રકાશ પુંજ છે, સ્વયંભૂ છે, જેઓ સર્વ આત્માઓના આધ્યાત્મિક માત-પિતા, સખા-બંધુ-સર્વ સંબંધી છે, જે સર્વ ધર્મના આત્માઓનો સર્વમાન્ય પિતા છે, જે ઈશ્વર, ખુદા, ભગવાન છે જે સર્વનાં પતિત-પાવન, સુખ-શાંતિનાં દાતા, ઉધ્ધારક તથા નવયુગના નિર્માતા છે. શક્તિઓના જન્મદાતા છે. તો સ્વયં શિવપિતા આ અલગ અલગ શક્તિયો દ્વારા વિષય વિકારો રૂપી વિભિન્ન નામવાળા આસુરી નર નારીઓની, આસુરી મનોવૃતિઓનો સંહાર કરાવીને સૃષ્ટિ પર નવીન યુગ, નવયુગ, સતયુગ અર્થાત સુવર્ણ-કાળનો નવપ્રભાતનો સમય ફરી લાવે છે.

નવરાત્રિનો સંદેશ

નવરાત્રિ કહે છે જીવનમાં પ્રકાશ લાવો, પ્રકાશમાં જીવો અર્થાત્ જીવનમાં સકારાત્મક નવીનતા લાવો. જો જીવનમાં નકારાત્મકતા છે, અંધારું છે કે પછી જીવનમાં રાત્રિ સમાન દુઃખ-અશાંતિ-નિરાશા, ઉદાસીનતા કે હતાશા છે તો જ્ઞાનની, સમજની, અનુભવની, શિક્ષાઓની જ્યોત જગાવો. યેનકેન પ્રકારેણ જીવનમાં પ્રકાશ લાવો. કોઈની મદદ લેવી પડે તો એ પણ લો પરંતુ પ્રકાશ માટે કોઈ પણ સંજોગોમાં દીપ જગાવો અને જીવન જે પ્રભુની અમૂલ્ય ભેટ છે એમાં ઉત્સાહ-ઉમંગનું ઘૃત નાખો અને પછી નજીકનાં કે પછી દૂરના સર્વ સાથીઓ સાથે, સ્નેહપૂર્ણ વ્યવહાર કરતા, એમનાં સ્વભાવ-સંસ્કારો સાથે રાસ કરી, તાલમાં તાલ મેળવીએ જેથી સહુની સાથે ચાલી શકીએ. આપણે કોઈ શ્રેષ્ઠ લક્ષ સાથે જીવીએ અને જીવનને સફળ કરીએ. સર્વ ઉપર પરમપિતા પરમાત્મા શિવ સહિત, મા શિવ શક્તિઓની, દેવીઓની અમી દૃષ્ટિ, કૃપા દ્રષ્ટિ બનેલી રહે.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 24નું અનુસંધાન)... ઉદ્‌બોધન

રાજર્ષિ બનવાનું છે. જ્વાળામુખી અવસ્થા બનાવી યોગનો રસ લો. યોગની ભિન્ન ભિન્ન અવસ્થાનું જ્ઞાન રાખો, અનુભૂતિ કરો. સ્વયંમાં નિહાળો કે પરમાત્મા આપણી પાસે જેવી અપેક્ષા રાખે છે તેવો મારો પુરુષાર્થ છે? જ્યાં પુરુષાર્થમાં અંતર છે ત્યાં પ્રાપ્તિમાં પણ અંતર છે.

પરમાત્મા કહે છે સમજ્યા? અર્થાત્ સમજવાનું બાકી છે. અંત સુધી શ્વાસ પરમાત્માની યાદમાં ચાલવા જોઈએ. પરમાત્માને એવો વિશ્વાસ આપીએ કે આપણે ગમે તેવી પરિસ્થિતિમાં પણ યોગીજીવનના પથ ઉપરથી ચલિત થઈશું નહીં અને અચલ, અટલ બનીશું. પરમાત્માના એક એક મહાવાક્યનું મૂલ્ય અમૂલ્ય છે. સમસ્યાઓના વમળમાં અટવાઈને પ્રશ્નાર્થ કરી પૂર્ણ વિરામ મૂકીએ તેના કરતાં સમસ્યાઓ જન્મે કે તરત જ જ્ઞાનયોગના આયુધો દ્વારા ત્યાં પૂર્ણ વિરામ મૂકીએ. આપણે એવો પુરુષાર્થ કરવાનો છે કે જે સ્થિતિનું ગાયન થાય. તો આપણે આપણી સ્થિતિને સંપૂર્ણ બનાવીએ એ જ આ ભઠ્ઠીનું પ્રયોજન છે.

॥ ઓમશાંતિ ॥

ઉદ્‌બોધન

બ્ર.કુ. નેહાબેન, સુખશાંતિ ભવન, અમદાવાદ.

હમણાં જે ગીત સાંભળ્યું તે ગીતમાં ત્રણ રત્નોની વાત કરવામાં આવી. (૧) બાબા (પરમાત્મા) (૨) મુરલી (જ્ઞાનમુરલી- પરમાત્માના મહાવાક્યો) અને (૩) મધુવન (પાંડવભવન - માઉન્ટ આબુ). આ રત્નોને સમજવા માટે પુરુષાર્થ કરીશું તો તેના રસની અનુભૂતિ થશે. યોગી-જીવનમાં રસ જોઈએ. આ પહેલાં જીવન નિરુત્સાહી હતું, હતાશા હતી. જીવનમાં એવો રસ ડોકિયું કરવો જોઈએ કે આપણને જોઈએ અન્યને જીવન જીવવાની પ્રેરણા મળે. જ્યારે જીવનમાં રસ હોય છે તો ખુશી હોય છે. ત્યારે જીવન જીવવાની પ્રેરણા મળે છે. આજના રસહીન માનવો, જીવનમાં રસની અનુભૂતિ ન કરતાં આત્મહત્યા, જીવઘાત તરફ ખેંચાઈ જાય છે. જ્યારે આવા દુઃખી, હતાશ, અશાંત માનવો ઈશ્વરીય જીવનનો અનુભવ કરશે કે બ્રહ્માવત્સોનું જીવન કેટલું પ્રસન્નતા સભર છે ત્યારે તેઓને પણ આવું જીવન જીવવાની પ્રેરણા મળશે.

પરમાત્માને ચિત્તચોર પણ કહેવામાં આવે છે. મન, બુદ્ધિ અને સંસ્કારમાં સૌથી સૂક્ષ્મ અંગ ચિત્ત છે. બુદ્ધિને ઈશ્વરીય યાદમાં જોડીએ છીએ ત્યારે બુદ્ધિયોગ તોડાવનાર ચિત્ત જ છે. તે સૂક્ષ્મ છે. તે માટે ભૂતકાળની સ્મૃતિઓને વિસારી દેવામાં આવે તો જ મોહ નષ્ટ થઈ શકે. તે માટે સતત આંતર નિરીક્ષણ કરવું પડશે કે ઈશ્વરીય જીવનની ખુશી આપણામાં કેટલી હદ સુધી રહે છે. ઈશ્વરે આપણને સર્જ્યાં પણ કઈ રીતે સર્જ્યાં? ઈશ્વર ભાગ્યવિધાતા છે. તેઓ કઈ રીતે ભાગ્ય બનાવે છે તે પણ અનુભૂતિનો વિષય છે. આપણે આપણું જીવન જેટલું શ્રેષ્ઠ બનાવવા ઈચ્છીએ તેટલું બનાવી શકીએ છીએ. જો પરમપિતા શિવ પરમાત્મા અને પ્રજાપિતા બ્રહ્માનું મિલન ન થયું હોત તો આપણે પણ ઈશ્વરીય જન્મ ધારણ કરી શક્યા ન હોત. બંનેનું મિલન થાય છે તેથી આપણું પણ મિલન તેમની સાથે થાય છે. ઈશ્વરીય જીવન ધારણ કર્યા પછી પોતાનો પૂછવાનું છે કે ઈશ્વરીય જીવનની ખુમારી કયાં સુધી ધારણ કરી છે? આપણે બ્રહ્મામુખ વંશાવલી, શિવપિતા દ્વારા દિવ્ય જન્મ ધારણ કરેલ સર્વોત્તમ બ્રાહ્મણકુળના, બ્રાહ્મણ પરિવારના છીએ. આપણને આવા દિવ્ય પરિવારની ખુશી છે?

આપણે આપણા કુળધર્મને યાદ કરીશું તો આપણામાં દિવ્ય ધારણાઓ આવતી જશે. પોતાના દિવ્ય જીવનના ઈશ્વરીય પરિવારના કુળને ભૂલશો નહીં. દિવ્ય જન્મની ખુશી કેટલી છે? દિવ્ય અલૌકિક જન્મ શા માટે લીધો છે? શ્રેષ્ઠ કર્મ કરવા માટે પરમાત્મા પણ આપણને કર્મ કરતાં શીખવાડે છે જેથી આપણું જીવન શ્રેષ્ઠ બને. તેથી જો દિવ્ય જીવન પ્રાપ્ત કરીને, ઈશ્વરીય પરિવારમાં અલૌકિક જન્મ લઈને પણ કર્મો એટલા શ્રેષ્ઠ ન બને તો? આપણે પરમપિતા શિવ પરમાત્મા અને પ્રજાપિતા બ્રહ્માને અનુસરવાના છે. કર્માતીત કંઈ રીતે થવાય? વિકર્માજીત કઈ રીતે થવાય? તે અંગે વિચાર સાગર મંથન કરવાનું છે. કમળ પુષ્પ સમાન જીવન બ્રહ્માબાપને જોઈને જીવીશું. નિરાકારી અને નિરઅહંકારી બની શકીશું. બંને બાપને દૃષ્ટિ સમક્ષ રાખો. એક આંખમાં મુક્તિ અને બીજી આંખમાં જીવનમુક્તિ. ત્રીજી આંખમાં શિવપિતા દ્વારા મળેલ જ્ઞાનની દિવ્ય બુદ્ધિ યુક્ત દૃષ્ટિ. નારાયણી નશો આપણને બ્રહ્માબાબાને

જોતાં મળશે. આમ માતા અને પિતાને અનુસરવાના છે. બંનેને અનુસરવાનો રસ હોવો જોઈએ. આપણો સંબંધ બંને સાથે છે. સતયુગથી સંગમયુગ સુધી ભિન્ન ભિન્ન રૂપે બ્રહ્માબાબા સાથે સંબંધ નિભાવવાનો છે. બ્રહ્માબાબાને જોતાં ઈશ્વરીય જીવનમાં રસ આવશે. એમને જોતાં લક્ષ્ય બદલાઈ જાય છે, તો લક્ષણ પણ બદલાઈ જાય છે. બ્રહ્માબાપે કદીયે પોતાની મહત્તા વર્ણવી નથી. શિવપિતા સ્વયંને વિશ્વસેવક જ સમજે છે. આ રીતે બંનેના નિકટના સંબંધમાં નહીં આવીએ તો બંનેના જીવન દ્વારા પ્રાપ્ત રસની અનુભૂતિ કરી શકીશું નહીં. બ્રહ્માબાપ આપણા માટે યોગીજીવનની સંપન્નતાનું ઉત્તમ ઉદાહરણ છે.

આપણે પરમાત્મા પાસે સ્વર્ગનું સુખ માંગીએ છીએ. પરમાત્મા આ સમયે આપણા તન, મન, ધન, સમય, સંકલ્પ સર્વસ્વને દિવ્ય રીતે જોવા માંગે છે. દૃષ્ટિના પરિવર્તન સાથે માંગે છે. જેનો યથાર્થ ઉપયોગ કરતાં આ સૌ સાધનો શક્તિઓ સતયુગના પ્રારબ્ધમાં મળશે. પરમાત્મા આપણને આજ તનમાં શક્તિ આપી શકે છે. પણ નૂતન શરીર નહીં. પવિત્ર તન પવિત્ર આત્મા સહિત સતયુગમાં મળશે. વિનાશી ધન પણ સંગમયુગમાં ઈશ્વરીય કાર્યોમાં વપરાતાં તેની યથાર્થ સાર્થકતાને પામે છે. સર્વ પ્રકારે ઈશ્વરીય સેવા કરો પણ પ્રત્યક્ષ ફળની આશા રાખો નહીં. અવિનાશી જ્ઞાનનું પ્રત્યક્ષ ફળ સુખ, શાંતિ, આનંદ અને પવિત્રતા છે.

આપણે અમૃતવેળાથી જોઈએ કે પમરાત્મા સાથે પિતા રૂપનો સંબંધ નિભાવીએ છીએ. ત્યાર પછી પરમ શિક્ષક, પરમ સદ્ગુરુ અને ભિન્ન ભિન્ન સંબંધોની રસના પરમાત્મા દ્વારા પામીએ છીએ? પરમાત્મા સર્વ સંબંધોથી સાથ આપે છે. પરમાત્મા સાથે સર્વ સંબંધો શા માટે જોડવાના છે? કારણ કે આત્મા કલ્પમાં અનેક સંબંધોથી જોડાયેલો રહ્યો છે. પરમાત્મા આપણને સર્વ સંબંધોમાંથી આસક્તિ મિટાવી દઈ પોતાની સાથે સર્વ સંબંધો જોડવા માટે કહે છે. પરમાત્મા મિલનથી, યોગથી અતીન્દ્રિય સુખની અનુભૂતિ થાય છે. માટે જ કહેવાયું છે કે અતીન્દ્રિય સુખનો અનુભવ પૂછવો હોય તો પૂછો ગોપ ગોપીઓને. યોગીએ એવી પ્રસન્ન મુદ્રામાં રહેવું જોઈએ કે કોઈને પૂછવું ન પડે કે આનંદમાં છો? ઠીક છો? તેથી ઈશ્વરીય મિલનના મેળામાં રહો. દર્શનીય મૂરત બનો. એવી અવસ્થા બનાવો જેથી લાખો લોકો તમને નિહાળે.

એકરસ સ્થિતિ કેમ રહેતી નથી? કારણકે પરમાત્મા સાથે સંબંધ સ્થાપિત કર્યો નથી. સ્વયંને પૂછીએ કે પરમાત્મા સાથે રુહરિહાન કરી સામીપ્ય સિદ્ધ કરીએ. સર્વ રસોનો આસ્વાદ કરાવવા સોમનાથ બાપ-પરમપિતા શિવ પરમાત્મા આવ્યા છે. પરમાત્મા ભક્તિમાર્ગમાં પણ સૌના હૃદયનો અવાજ સાંભળતા આવ્યા તો શું બાળકોની વાતોને નહીં સાંભળે? સંદેશીઓ જ્યારે ધ્યાનમાં જાય છે, ત્યારે ભિન્ન ભિન્ન સંદેશાઓ લાગે છે તેથી એ વાત સિદ્ધ થાય છે કે પરમાત્મા સર્વ આત્માઓને સ્નેહપૂર્વકની યાદનો પ્રત્યુત્તર વાળે છે. તેથી દરેક આત્માઓએ પરમાત્માના સાથનો અનુભવ કરવાનો છે. ઈશ્વરીય યાદની લગનમાં મગન રહેનાર આત્માઓ ઈશ્વરીય પ્રેરણાઓ ઝીલી શકે છે. પરમાત્માના સંકેતોને ઝીલી શકે છે. તેથી આત્માઓની સેવા કરવા જાઓ તે પહેલાં પરમાત્માને ખૂબ પ્રેમથી યાદ કરીને જાઓ. યોગીજીવનમાં રસ લાવવા માટે અમૃતવેળાએ ઉઠીને પરમાત્મા સાથે યોગની અનુભૂતિ દ્વારા રસ મેળવવાનો છે. ઈશ્વરીય પ્રેરણાઓને ઝીલવા બુદ્ધિ સાફ જોઈએ. બુદ્ધિ સાફ થશે યોગથી. દરેક સમયનું પણ વિશિષ્ટ મહત્ત્વ હોય છે. જેમ કે

ગુરુવારનું. પરમાત્મા આપણને જ્ઞાન સંભળાવે છે. તો વિદ્યાર્થી જીવનની અનુભૂતિ કરી જ્ઞાનપ્રાપ્તિમાં ખોવાઈ જવું જોઈએ. જ્ઞાન સાંભળવાનો રસ હોવો જોઈએ. તે રીતે જ્ઞાન સંભળાવવાનો પણ રસ હોવો જોઈએ. જ્ઞાન ખરેખર અંદર ગયું છે તે નિહાળો. જ્ઞાન સાંભળ્યા પછી મનનમંથન કરો. વિચાર સાગર મંથન કરો. મંથન કરવાથી જ્ઞાન રત્નો મળશે. પરમાત્મા આત્માઓની યોગ્યતાઓ જોઈ વરદાન આપે છે. સાકારબાબાએ જાનકીદાદીને કહ્યું તે પ્રમાણે તેમની વિશાળબુદ્ધિનો પરિચય આપણને મળી રહ્યો છે. 104 વર્ષ વટાવી ગયેલાં જાનકીદાદીનો વિદ્યાર્થી જીવનનો અનુભવ, જ્ઞાનયોગની ગહનતા આપણને પ્રેરણા આપે છે. પરમાત્મા દ્વારા પ્રાપ્ત થયેલી તેવી સ્થિતિ પ્રાપ્ત કરવાના પુરુષાર્થની જ્ઞાન રત્નોની નોંધ માટે ડાયરીપેનનો ઉપયોગ પણ અનિવાર્ય છે. વિદ્યાલયનાં અગ્રણી બહેનો તેનું ઉદાહરણ છે. આજના સમયમાં મનને નવરું રાખવું પોસાય નહીં. મનન મનને વ્યસ્ત રાખે છે. તેથી જ્ઞાનસાગરની ગહનતામાં ચાલ્યા જાઓ, જ્ઞાનીઓની ગહનતામાં જશો નહીં. જ્ઞાની માટે, યોગી માટે મુરલી (જ્ઞાનવાણી) એ ધન છે. ઈશ્વરીય જ્ઞાન દ્વારા સર્વ રીતે સંપન્ન બનો.

રાજયોગીએ સોળે કળાએ સંપૂર્ણ બનવાનો પુરુષાર્થ કરવાનો છે. રાજયોગીમાં સોળે કળાઓ હોવી જોઈએ. પરમાત્મા પણ આત્માઓને કોઈ કાર્ય કરવાની પ્રેરણા આપે છે. જે બાળક પરમાત્માની શ્રીમત મેળવે છે તે માટે પરમાત્મા બંધાયમાન છે. પરમાત્માના સામીપ્યનું વર્ણન એવું કરો કે જેથી અન્ય આત્માઓને બળ મળે. હિંમતે મર્દા તો મદદે બાપ. પરમાત્મા સૌની હિંમત જોઈને વરદાન આપે છે. રાજયોગી તરીકે જ્ઞાનપ્રાપ્તિ માટેના રસમાં પણ નવીનતા લાવતા જાઓ. હવે સમયની સમીપતા જોતાં અન્ય આત્માઓને સાક્ષાત્કાર કરાવે તેવી અવસ્થા માટે તૈયાર રહેવાનું છે. હવે વરદાતાની અવસ્થાને ધારણ કરો. તૃપ્ત આત્મા બની જાઓ. લૌકિકને અલૌકિકમાં પરિવર્તન કરો. આજે આપ સૌ ભઠ્ઠીમાં (જ્ઞાનયોગના વિશેષ ક્લાસીસ)માં તપસ્યા કરી રહ્યા છો ત્યારે સ્વયંને પૂછો કે ઈચ્છા માત્રમ્ અવિદ્યાની સ્થિતિ ધારણ કરી છે? આત્મા કોઈપણ બંધનમાં અટકે નહીં. પરમાત્મા આપણી સામે સર્વ જ્ઞાનભંડાર ખોલી બેઠા છે ત્યારે આપણે અતૃપ્ત, અપૂર્ણ કઈ રીતે રહી શકીએ? મધમાખી બનો. સર્વમાંથી ગુણ ઉઠાવો અને સર્વના ગુણોની કદર કરો. પોતાનામાં ગુણ અને શક્તિઓ ભરતા રહો. આ દુનિયા કાંટાઓનું જંગલ છે તેથી પરમાત્મા સાથે ગુરુના સંબંધની અનુભૂતિ કરી શ્રીમત મેળવતા રહો. પરમાત્માની દરેક વાતને, મહાવાક્યને અનુસરો. આ છે તીવ્ર પુરુષાર્થની નિશાની. મનમનાભવના મંત્રને ભૂલશો નહીં. આ મારાથી નહીં થઈ શકે એવા સૂર પણ કાઢશો નહીં. પરમાત્મા સાથે સાજનનો સંબંધ પણ જરૂરી છે, નહીંતર કન્યાઓની બુદ્ધિ ક્યાંક અટકી જશે. સૌ આત્માઓએ પણ પરમાત્માને સાજનના સંબંધથી પણ યાદ કરવાના છે. આજ્ઞાકારી, વફાદાર, ઈમાનદાર બનવાનું છે. આજ્ઞાઓનું આખું પુસ્તક ગીતા બન્યું છે. જેમાં અર્જુનને ભિન્ન ભિન્ન આજ્ઞાઓ આપવામાં આવી છે. માટે દિલની વાત દિલાવર-પરમપિતા શિવ પરમાત્માને સંભળાવી હળવાશ અનુભવો. કારણ કે કોઈપણ સંબંધની ખામી-અભાવ માણસને કેટલું દુઃખ આપે છે. રક્ષાબંધન વખતે લૌકિક ભાઈબહેન ન હોય તો કેટલાં દુઃખી થાય છે. તેથી કોઈની સાથે વિશેષ (Extra) સંબંધ ન રાખતાં પરમાત્મા સાથે જ સર્વ સંબંધો જોડો. કારણ જ્યાં વિશેષ સંબંધ સ્થાપિત

કરીશું ત્યાં મમત્વ પણ જશે. આ ઈશ્વરીય પરિવાર તો આ દુનિયામાંથી સ્વર્ગની દુનિયામાં જવા માટેનો વચ્ચેનો પરિવાર છે. તેથી અહીં કોઈ વિશેષ સંબંધોની ઘટમાળ સર્જવાની નથી. જે પણ રસ જોઈતા હોય તે પરમાત્મા પાસેથી લો. દરેક સંબંધની પરમાત્મા દ્વારા અનુભૂતિ કરો. પરમાત્મા આપણા સર્વસ્વ છે. કેવળ પરમાત્મા પિતા જ તરીકે નહીં સર્વ રીતે મળ્યા છે.

આ બેહદનો પરિવાર અને બેહદનું સંગઠન છે. સંગઠન વચ્ચે રહેવાનો પણ એકરસ છે. તેમાંથી કોઈ અલગ પડી જાય તો રસ રહે છે? કોઈ તો સંગઠ્ઠનથી પણ દૂર ભાગે છે. અલૌકિક પરિવારથી મીઠા પ્યારા રહો. પરમાત્માના બન્યા પછી વિકારોનું સેવન અતિદુઃખદાયી છે. જ્ઞાનમાં આવ્યા પછી વિકારોનો ત્યાગ જરૂરી છે. લોભ પણ ન હોવો જોઈએ. જો ત્યાગી નહીં બની શકીએ તો ઉચ્ચપદ મેળવવાના અધિકારી પણ નહીં બની શકીએ. લોભ ઈશ્વરીય પરિવારનાં પ્રેમથી મુક્ત બનાવી દે છે. અહમ્ પણ નહીં હોવો જોઈએ. ગમે તે રીતે સેવા કરી હોય પણ મારાપણાનો ભાવ આવવો જોઈએ નહીં. મોહ પણ ન આવવો જોઈએ. તેથી ઈશ્વરીય પરિવાર સાથે સંબંધ જોડતાં ત્રુટિ રહી જશે. ઈશ્વરીય સંતાનનો નશો મોહને કારણે આવી શકશે નહીં. અહંકાર કદીયે નહીં આવવો જોઈએ. મેં અહંકાર છોડ્યો છે એમ કહેવું તે પણ અહંકારનું જ સૂક્ષ્મ સ્વરૂપ છે. એક છે અભિમાન, બીજું છે અહંકાર. જ્ઞાનમાર્ગમાં આવ્યા પછી વિકારોનું સેવન વેરી બનાવી દે છે તેનાથી ઉચ્ચપદની પ્રાપ્તિ થતી નથી. વારસો મળતો નથી. તેમજ ઈશ્વરીય પરિવારના પ્રિય બની શકતા નથી. જીવન એકરસ રહે તે માટે સતત પુરુષાર્થ કરવાનો છે. સ્થિતિ ઉચ્ચ રહે, ડામાડોળ ન રહે. આપણા જીવનમાં માયા આવે તો ગાળ જેવું લાગવું જોઈએ. જેટલી એકાગ્રતા કેળવીશું તેટલા સાક્ષાત્કાર મૂરત બની શકીશું. આપણે સ્વયંનું નિરીક્ષણ કરીએ કે આપણું મન ક્યાં સુધી પ્રામાણિક બન્યું છે. બુદ્ધિ ક્યાં સુધી આજ્ઞાકારી બની છે! શ્રેષ્ઠ જીવન મળ્યું છે તો કર્મો કરવા ઉપર ધ્યાન આપો. ઈશ્વરીય જીવનની પ્રાપ્તિ સો ગણી છે, તો વિકર્મો કરવાથી સજા પણ સો ગણી મળે છે. દરેક પ્રકારે કર્મ કરવાનું પરમાત્માએ આપણને શીખવાડ્યું છે. આપણે પુરુષાર્થથી જે સ્થિતિ-અવસ્થા બનાવીશું તેજ સ્થિતિ અંતમાં આપણી સાથે આવવાની છે. તેથી સર્વ સેવાની પ્રવૃત્તિઓ કરતાં સમતુલન રહે તે જરૂરી છે. આપણે કેટલા શ્રેષ્ઠ આત્માઓ છીએ તે વિચારો. ભઠ્ઠીનું આયોજન બાળકોની સ્થિતિ-અવસ્થા સુધારવા માટે કરવામાં આવ્યું છે. હાલ સાંભળ્યો, અહેવાલ સાંભળ્યો, પણ હાલત કેવી રહી? દરેક પરિસ્થિતિમાં પુરુષાર્થ જાળવી રાખવાનો છે. હવે દુનિયાની હાલત બગડશે, પરિસ્થિતિઓ વિકરાળરૂપ ધારણ કરશે. તો ઈશ્વરીય યાદની અવસ્થામાં સ્થિત થઈ જાઓ. માતેશ્વરીજી જગદંબા સરસ્વતી હમેશાં દરેક પ્રકારની પરિસ્થિતિઓમાં સ્વસ્થ રહેતાં હતાં. જે વિલાપ કર્યા કરશે તે માળામાં આવી શકશે નહીં. બુદ્ધિનો તાર પરમાત્મા સાથે જ જોડાયેલો રહેવો જોઈએ. પરચિંતન, નિંદા કરનાર માળામાં નહીં આવી શકે. અષ્ટ રત્નોમાં એ આત્માઓ આવશે. જેઓનામાં કોઈ ખામી નહીં હોય.

ઈશ્વરીય સંતાન બન્યા પછી ખોટા સંકલ્પો આવતા જ નથી. આપણામાં કોઈપણ પ્રકારની માયા આવે નહીં. પરમાત્મા ખામીઓનું પણ જ્ઞાન આપે છે. તો સ્વયંને માયાથી સુરક્ષિત રાખો. સંસ્કાર પરિવર્તન એજ સાચો પુરુષાર્થ છે. પરમાત્મા વ્યર્થ સંસ્કારોનો અગ્નિ સંસ્કાર કરવા જ આવ્યા છે. રાજયોગી તો બન્યા છીએ પણ હવે

(અનુસંધાન પેજ નં. 20 પર)

ધર્મરાજપુરી

બ્ર.કુ. ગુણવંત, ચાંદખેડા, અમદાવાદ

જ્યારે જ્યારે અધર્મનું રાજ્ય છવાઈ જાય છે ત્યારે ત્યારે માણસ હેવાન બનતો જાય છે. તેને પાપ કે પુણ્યનું સંતુલન રહેતું નથી ફક્ત અધર્મનું એટલે કે વિકારોનું સામ્રાજ્ય છવાઈ જાય છે. તેમાં કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર, ઈર્ષા, દ્વેષ વગેરે વગેરે ઘણા અવગુણો આવી જાય છે. જેથી માણસ ભાન ભૂલે છે કામવશ થઈ સ્ત્રીઓનું અપમાન કરવું, લાજ લૂંટવી, જૂઠું બોલવું છેતરપીંડી, સંગ્રહખોરી કરવી, બીજાનું સુખ જોઈ ઈર્ષા કરવી, કોઈ સાથે વેરઝેર રાખી દુશ્મની કરવી આ બધા પાપના લક્ષણો છે. જે ચિત્રગુપ્તના ચોપડે લખાઈ જાય ચે. કોઈને રૂપનો તો કોઈને ધનનો તો કોઈને પોસ્ટ પોઝીશનનો પણ અહંકાર આવી જાય છે. તેથી તે જાણે અજાણે બીજાને દુઃખ પહોંચાડવાનું કામ કરે છે જે અંત સમયે આપણને રોગ કે માનસિક પીડા ધર્મરાજની અનુભૂતિ કરાવે છે. બ્ર.કુ. સૂર્ય, માઉન્ટ આબુ લખે છે કે પરમાત્મા આપણને મનુષ્યમાંથી દેવતા બનાવવા માટે આવેલ છે. તો તેનો લાભ લો ભગવાન શિવનું મહાવાક્ય છે અને આદેશ પણ છે, ‘ સમય તુમ્હારા ઈન્તજાર કર રહા હૈ. ઉન મહાન યોગિયો કે લિયે મહાન પ્રેરણા હૈ. જીનકા જન્મ, વિશ્વ કલ્યાણ કે લિયે હુઆ હૈ. ઐસા સમય આ રહા હૈ જબ યે વસુંધરા ધર્મરાજપુરી કા રૂપ લે લેગી. જબ માનસિક ઔર શારીરિક રોગો કી સુનામી

(અનુસંધાન પેજ નં. 34 પર)

દિવ્યદર્શન

આવ્યા માઁના નોરતા... માતૃશક્તિના મહત્ત્વ સાથે

બ્ર.કુ. નંદિની, સુખશાંતિ ભવન, મણિનગર, અમદાવાદ.

નોરતા આવ્યા રે... ભારતભૂમિ પર અનેક પર્વો અને ઉત્સવો આવે છે. દરેક તહેવાર આપણા જીવનને મંગલમય બનાવી પ્રગતિ લાવે છે. સાથે-સાથે સદ્‌ગુણોનું સિંચન પણ કરે છે. તહેવાર સમાજનું અભિન્ન અંગ બની ગયું છે. સામાજિક તથા ધાર્મિક પર્વોમાં બધા વર્ણોના લોકો ભાગ લેતા હોવાથી સામાજિક એકતાના પણ દર્શન થાય છે. ઉત્સવ ઉત્સાહને વધારે છે. આજના રેઢીયાળ, અતિવ્યસ્ત અને નીરસ જીવનમાં ઉત્સવ માનવીના દુઃખ ભૂલાવીને નિરાશા દૂર કરી નવી ચેતના પ્રગટાવે છે. આપણા ભારત દેશનો અર્થ પણ સમજવા જેવો છે. ભારત એટલે કે ભા અને રત અર્થાત્ જ્ઞાનમાં રત. આધ્યાત્મિક જ્ઞાનમાં ભારત અજોડ અને સર્વ દેશોમાં શિરોમણી પ્રથમ સ્થાને છે. ભારતની સંસ્કૃતિ અન્ય સંસ્કૃતિઓની જન્મદાતા પણ કહેવાય છે. પર્વ અને ઉત્સવો સંસ્કૃતિમાં વણાઈ ગયેલા છે. ભારત પરમાત્માની અવતરણભૂમિ હોવા ઉપરાંત મહાન ઋષિ-મુનિઓની, તપસ્વી રત્નોની જન્મભૂમિ છે. બુદ્ધ, મહાવીર, ગુરુનાનક જેવા ધર્મ સ્થાપકો તથા મહાત્મા ગાંધી જેવા અનેક સંતોની જન્મભૂમિ છે. રામ, કૃષ્ણ, બ્રહ્મા, વિષ્ણુ, શંકર, ગણેશ જેવા મહાન દેવો ઉપરાંત જગદંમ્બા સરસ્વતી, દુર્ગા, લક્ષ્મી, ગાયત્રી, ઉમિયા, ખોડીયાર, બહુચર અને મહાકાળી જેવી અનેકાનેક મહાન દેવીઓએ આ પાવનભૂમિ ભારતમાં જન્મ લઈને શ્રેષ્ઠ દિવ્ય કર્તવ્યો કર્યા છે. સમગ્ર દેવીઓના ગાયન-પૂજનનું એકમાત્ર પર્વ નવરાત્રિ છે. અન્ય પર્વો એક દિવસ માટે ઉજવાય છે. પરંતુ દેવીઓના મહાત્મયવાળું આ નવરાત્રી પર્વ, સળંગ નવ-નવ દિવસ સુખી ધામધમ અને ભવ્ય ભપકા સાથે મનાવાય છે. નવરાત્રિ પર્વ લોકોમાં સામૂહિક રીતે અનેરો આનંદ તથા ખુશી બક્ષી આધ્યાત્મિક માર્ગે આપણને દોરે છે. નવરાત્રિનું આધ્યાત્મિક રહસ્ય જાણવા જેવું છે.

માતૃશક્તિનું મહત્ત્વ

નારીઓની મહિમા માટે સંસ્કૃતમાં બહુ સુંદર ઉક્તિ લખાયેલી છે. યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે રમન્તે તત્ર દેવતાઃ અર્થાત્ જ્યાં જ્યાં નારીઓની પૂજા થાય છે. સન્માન થાય છે. ત્યાં ત્યાં દેવતાઓ વિચરણ કરે છે. દેશમાં મહિલા સશક્તિકરણના કાર્યક્રમો અત્યારે ભલે કરવામાં આવે પરંતુ ભારતીય સંસ્કૃતિ અને પરંપરામાં તો નારીઓનું સર્વોચ્ચ સ્થાન આપી મહિમાવંત ગણી છે. નારી તૂ નારાયણી કહીને નવાજવામાં આવી છે. નારીને શક્તિરૂપા શક્તિ અવતાર, જગકલ્યાણી વરદાનીમૂર્ત ગણવામાં આવી છે. તેનું કારણ શું છે? પુરુષ ભલે 32 લક્ષણોવાળો કહેવાતો હોય, પરંતુ સ્ત્રીને 36 લક્ષણોવાળી માનવામાં આવી છે. દેવદેવીઓના નામમાં પણ પ્રથમ નામ દેવીનું અર્થાત્ નારીનું નામ રાખવામાં આવે છે. ઉદાહરણ તરીકે લક્ષ્મીનારાયણ, પાર્વતીશંકર, રાધાકૃષ્ણ, સીતારામ વગેરે. નદીઓના નામ સાથે પણ નારીઓનું નામ જોડવામાં આવે છે અને નદીને લોકમાતાનું બિરુદ પણ આપવામાં આવે છે. નદીના નામ ગંગા, યમુના, નર્મદા, સરસ્વતી, ગોદાવરી વગેરે સ્ત્રીઓના નામ પરથી પાડવામાં આવ્યા છે. અલ્હાબાદમાં નદીઓના ત્રિવેણી સંગમ

પણ પ્રખ્યાત તીર્થસ્થાન છે. કુદરતી રીતે નદીઓના થતા સંગમને તીર્થ તરીકે ગણાય છે. દરેક દેવીના નામની પાછળ માતા શબ્દ જોડવામાં આવે છે. જે માતૃશક્તિની અપાર મહિમા સૂચવે છે. દા.ત. અંબામાતા, દુર્ગામાતા, ઉમિયામાતા, બહુચરમાતા, સંતોષીમાતા વગેરે. ભાદરવી પુનમના અંબાજીમાં ભરાતા મેળામાં જનાર પદયાત્રીઓ જય માડી અંબેના મધુર શબ્દોથી વાતાવરણને ગુંજાવી દે છે. સ્ત્રી અર્થાત્ સર્જનશક્તિ જે ફક્ત માતામાં રહેલી છે. મનુષ્યોનો વંશવેલો કે પેઢીને આગળ ચાલુ રાખવામાં પણ માતાનું યોગદાન સૌ મોખરે છે. બાળકને નવ માસ ગર્ભમાં રાખી અનેક કષ્ટોને વેઠીને જન્મ આપનાર માતા જ છે. એક માતા સો શિક્ષકોની ગરજ સારે છે. રાષ્ટ્રગાન વંદે માતરમ્ તથા ભારત માતા કી જયનો નારો માતાની મહિમા પૂરવાર કરે છે. કહેવતમાં કહ્યું છે કે આપી દઉં સો જન્મ હું, એવું માઁ તુજ લહેણું. બ્રહ્માકુમારીઝ સંસ્થામાં પણ અત્યારે સમગ્ર વિશ્વમાં સેવાકેન્દ્રોનું સંચાલન બહેનો અને માતાઓ જ કરે છે.

શિવશક્તિઓનું નવરાત્રિ પર્વ

નવરાત્રી પર્વમાં રાસ-ગરબા દેવીઓના કર્તવ્યની મહિમારૂપે ગવાય છે. આરતી ઉતારતા માંડવીમાં ભલે અન્ય કોઈ પણ દેવીઓનો ફોટો કે મૂર્તિ હોય છતાં સૌ કોઈ એક સાથે આરતીમાં ગાઈએ છીએ કે, શિવશક્તિની આરતી જે કોઈ ગાશે તે વૈકુંઠે જશે. આમ બધી દેવીઓ નિરાકાર હોવાથી, જગતમાં વ્યાપેલ આસુરીવૃત્તિઓ રૂપી અસુરોને હણવા માટે સાકારમાં શક્તિઓની ઉત્પત્તિ કરે છે. તે શિવનો ઈશ્વરીય સંદેશ ઠેરઠેર પહોંચાડનાર શિવદૂત છે. શિવપિતાએ સૌ પ્રથમ કન્યા અને માતાઓને રાજયોગ શીખવી કામવિકાર પર જીત મેળવી, દિવ્યગુણ સંપન્ન પવિત્ર બનાવી, તે બહેનો બ્રહ્માકુમારી બહેનો તરીકે ઓળખાઈ. આ આધ્યાત્મિક જ્ઞાનના આધારે જન્મેલી બ્રહ્માકુમારી બહેનોએ સ્વયંનું સશક્તિકરણ કરીને પવિત્રતા, સહનશીલતા, સ્નેહ, ત્યાગ, ધીરજ, દયા, નમ્રતા, મધુરતા, સેવા અને સમર્પણભાવ જેવા વિશેષ સદ્ગુણો સ્વયંમાં અપનાવી બાદમાં મનુષ્ય સૃષ્ટિમાં વ્યાપ આસુરીવૃત્તિઓ અને અવગુણોમાંથી લોકોને મુક્ત કર્યા. ફળસ્વરૂપે તે પવિત્ર નારીઓને શક્તિ અવતાર તરીકે પૂજવાની પ્રથા ચાલુ થઈ. સંગમયુગમાં થઈ ગયેલ આ શિવશક્તિઓની યાદગારમાં નવરાત્રિપર્વ ધામધૂમથી મનાવાય છે.

અંધવિશ્વાસ અને અંધશ્રધ્ધા

ભારતમાં વિશેષ કરીને ગામડાઓના લોકોમાં કેટલીક અંધશ્રધ્ધા કે અંધવિશ્વાસના પ્રભાવમાં આવીને ઘણાં ખોટા રિવાજો કરવામાં આવે છે. દેવીઓના પ્રકોપથી બચવા કે પોતાનો સ્વાર્થવાળો ઉદ્દેશ્ય પૂરો કરવા દેવીઓને નરબલિ કે બકરાની બલિ ચઢાવવામાં આવે છે. સામાન્ય જ્ઞાનના આધારે અને વિવેકથી વિચારવા જેવી વાત છે કે, દિવ્ય ગુણોને ધારણ કરનારી સાત્ત્વિક દેવી કોઈ દિવસ કોઈ મનુષ્ય ઉપર પ્રકોપ કરે ખરી? અહિંસાને વરેલી દેવી કોઈ દિવસ જીવહિંસા કરાવે ખરી? ક્યારેય નહીં.

શ્રાવણમાસની વદ સાતમે શીતળામાતાના મંદિરમાં બાળકોની બાધા કરે છે. બાળકોને તાવની બીમારીમાં ઓરી કે અછબડા નીકળતા માતા પધાર્યા છે તેમ માનીને ભુવાઓ પાસે દોરાધાગા કરાવે છે. તે સમયે ડોક્ટર પાસે દવા પણ નથી કરાવતા. આ એક અંધશ્રદ્ધા કે કુરિવાજ જ કહેવાય કે શીતળા માતાના કોપથી આ બીમારી થાય છે. પરંતુ શીતળામાતા તો સૌ

(અનુસંધાન પેજ નં. 05 પર)

પ્રસંગ પરિમલ

ખુદાનો ફિરસ્તો

વિક્રમ સંવત 1945ના અરસાની આ વાત છે. એક વાર એક આરબે મુંબઈના એક પ્રતિષ્ઠિત ઝવેરી સાથે હીરાના સોદા કર્યા. સોદા કરતી વખતે એમ નક્કી થયેલું કે અમુક સમયે નક્કી કરેલા ભાવે આરબ વેપારીએ મુંબઈના ઝવેરીને હીરા આપવા. આનો દસ્તાવેજ પણ તૈયાર થઈ ગયો.

સમય પાકતાં એ હીરાની કિંમત ખૂબ જ વધી ગઈ! જો આરબ વેપારી દસ્તાવેજમાં લખેલી કિંમતે હીરા આપે તો તેને દેવાળું કાઢવાનો સમય આવે.

આ બાજુ તે ઝવેરી જમવા બેસવાની તૈયારી કરતા હતા ત્યારે તેમને સોદો અને સાથે હીરાના ખૂબ વધી ગયેલા ભાવ યાદ આવી ગયા. જમવાનું બાજુએ મૂકી તેઓ ઊપડ્યા સીધા આરબ વેપારીને ત્યાં! પોતાના લેણદારને દુકાને આવેલો જોઈ વેપારી બિચારો ગભરાટમાં પડી ગયો. સ્વાભાવિક રીતે જ એણે માની લીધું કે સમય થઈ ગયેલો હોઈ ઝવેરી સોદાની પતાવટ માટે જ આવ્યો હશે.

આરબ વેપારીએ કહ્યું, 'આપણી વચ્ચે થયેલા હીરાના સોદા અંગે હું ખૂબ ચિંતામાં પડ્યો છું. મારું જે થવાનું હશે તે થશે પરંતુ તમે ખાતરી રાખજો કે હું તમને આજના બજારભાવે મારી સર્વ મિલકત વેચીને પણ સોદો ચૂકવી આપીશ.'

ત્યાં તો વાત્સલ્યપૂર્ણ કરુણાભર્યો અવાજ આવ્યો, 'વાહ ભાઈ વાહ. હું ચિંતા શા માટે ન કરું? તમને સોદાની ચિંતા હોય તો મને કેમ ન હોય?

ચિંતાનું મૂળ કારણ આ નાની સરખી ચબરખી છે. તેનો નાશ કરી દઈએ એટલે આપણા બન્નેની ચિંતા મટી જાય.'

આમ કહી ઝવેરીએ સોદાનો દસ્તાવેજ નકામા કાગળની માફક જ ફાડી નાખ્યો, જેમાંથી તેમને રૂ. 70,000નો નફો થવાનો હતો! ત્યારથી આરબ જગતમાં તે વેપારી કહેતો કે હિંદુસ્તાનમાં માનવદેહે એક 'ખુદાનો ફિરસ્તો' વસે છે. આ વેપારી તે બીજા કોઈ નહીં પરંતુ જગતને અધ્યાત્મનો સંદેશો આપનાર અને ગાંધીજીને સત્ય અને અહિંસાની પ્રેરણા આપનાર શ્રીમદ્ રાજચંદ્રજી (રાયચંદભાઈ).

આ એક દાખલામાં જુઓ! મોટા પુરુષની ઉદારતા, નીતિ, સંતોષ અને સૂક્ષ્મ અહિંસાધર્મને સાચવવાની લગન!

પ્રામાણિકતાનો પ્રતાપ

વિક્રમ સંવત 1740માં ગુજરાત-સૌરાષ્ટ્રમાં મોટો દુકાળ પડ્યો, જેમાં અનેક પશુઓ અને મનુષ્યો પણ ભૂખે મરવા લાગ્યાં. ચોમાસુ બેસી ગયું હતું અને દિવસો પસાર થયે જતા હતા. તો પણ વરસાદ આવ્યો નહીં.

તે વખતના ગુજરાતના નરેશે અનેક યજ્ઞો કર્યા અને સાધુ-સંતોને પણ પ્રાર્થના કરી. પરંતુ વરસાદ આવ્યો જ નહીં. કોઈ પ્રજાજનોએ કહ્યું કે આપણા રાજ્યમાં અમુક વેપારી છે તે ચાહે તો વરસાદ થાય.

રાજા તરત તે વેપારી પાસે ગયા અને વાતચીત કરી. વેપારી કહે, 'મહારાજ! હું તો આપનો એક સામાન્ય પ્રજાજન છું, મારાથી શું થઈ શકે?' તો પણ રાજા માન્યા નહીં, તે તો હઠ કરીને બેસી ગયા કે તમારે આ અનેક મૂક પશુઓ અને ભૂખ્યા પ્રજાજનો ઉપર દયા કરવી જ પડશે. તમે તેમ નહીં કરો ત્યાં સુધી તમારા ઓટલા ઉપર ભૂખ્યો બેસી રહીશ.

આખરે વેપારીને માનવું પડ્યું. તેણે પોતાનું ત્રાજવું ઉઠાવ્યું અને આકાશ સામે જોઈને કહ્યું, ‘ જો આ ત્રાજવાથી મેં કોઈને ક્યારેય ઓછું-અધિકું તોલી દીધું ન હોય. નીતિનું જ સેવન કર્યું હોય, સત્યનું જ આચરણ કર્યું હોય તો હે દેવતાઓ ! તમે અનુગ્રહ કરજો.’

હજુ તો વેપારીએ પોતાની પ્રાર્થના પૂરી કરી તેટલામાં તો આકાશ ધીમે ધીમે વાદળાઓથી ઘેરાવા લાગ્યું. ઠંડો પવન આવવા લાગ્યો અને વરસાદ પડવા લાગ્યો.

સત્ય અને પ્રામાણિકતાનો આવો પ્રભાવ જોઈ રાજા અને સમસ્ત પ્રજાજનો ખૂબ ખુશ થઈ ગયા. પેલા વેપારીની કીર્તિ રાજ્યભરમાં ફેલાઈ ગઈ. પ્રામાણિકતાને પરમાત્મા પણ વશ વર્તે છે.

જીવન જીવવાની કળા

ગ્રીસના પ્રસિદ્ધ તત્ત્વચિંતક ફરતાં ફરતાં એક શહેરમાં પહોચ્યાં. ત્યાં તેમને એક વૃદ્ધ માનવ મળ્યો. સોક્રેટીસે વૃદ્ધને એના વ્યક્તિગત જીવન વિશે પૂછ્યું. તે વૃદ્ધ બોલ્યો કે, ‘ હું મારી કૌટુંબિક જવાબદારી મારા પુત્રોને સોંપીને નિશ્ચિંત છું. તેઓ જે કહે છે તે કરું છું. જે ખવડાવે છે તે ખાઈ લઉં છું. મારા બધા પૌત્ર પૌત્રીઓની સાથે હસતો રમતો રહું છું. બાળકો ભૂલ કરે તો પણ હું ચૂપ રહું છું. હું તેમના કાર્યમાં બાધક બનતો નથી. જ્યારે તેઓ મારી સલાહ લેવા આવે છે ત્યારે હું મારા જીવનના બધા અનુભવોને સામે રાખીને જીવનમાં કરેલી ભૂલો એનાથી આવેલાં ખરાબ પરિણામોની તરફ એમને સચેત કરી દઉં છું. તેઓ મારી સલાહ મુજબ કેટલું ચાલે છે એ જોવું અને પોતાનું મગજ ખરાબ કરવું તે મારું કામ નથી. તેઓ મારા નિર્દેશો પ્રમાણે જ ચાલે એવો આગ્રહ હું રાખતો નથી. સલાહ આપ્યા પછી પણ તેઓ કંઈ ભૂલો કરે છે તેથી હું ચિંતિત થતો નથી. તેમ છતાં જો તેઓ મારી પાસે ફરીથી આવે છે તો મારાં દ્વાર સદા ખુલ્લાં રહે છે. હું ફરીથી તેમને યોગ્ય સલાહ આપીને તેમને વિદાય કરું છું.’

વૃદ્ધની વાત સાંભળીને સોક્રેટીસ ઘણા પ્રસન્ન થયા. અને બોલ્યા કે આ ઉંમરમાં જીવન કેવી રીતે જીવવામાં આવે, એ આપે સમજી લીધું છે.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 30નું અનુસંધાન)... દિવ્ય જીવનની

સતાવતી હતી, આજે તેણે રંગીન કપડાં સજ્યાં નહોતાં. સાદાં શ્વેત વસ્ત્રોમાં સજ્જ થઈ તે સૌરભને મળવા આવી, સમય થયો, સૌરભ દેખાયો નહીં, ક્ષણ વાર તેને સમુદ્રમાં ડૂબકી મારી સમુદ્રમાં સમાઈ જવાનું મન થયું,પણ દૂર નજર ફેંકી તો તેને સૌરભ આવતો જણાયો. તેને આનંદ થયો. સૌરભમાં આવેલા પરિવર્તનના વિચારોમાં તે ખોવાઈ ગઈ, સૌરભ આજે કંઈક લઈને આવ્યો હતો. બંને મળ્યાં. દૂર એકાંતમાં સમુદ્રના તટે બેઠાં. સૌરભે સ્મિતાને પ્રસાદ ખવડાવ્યો, પોતાના જીવન પરિવર્તનની સર્વ વાતો તેણે સ્મિતાને કરી. ટેપ રેકોર્ડર વગાડી તેણે સ્મિતાને રાજયોગનો પરિચય આપ્યો, ગીતો સંભળાવ્યાં અન દિવ્ય જીવન ભણી પગરણ માંડવા સ્મિતાને સમજાવી. સ્મિતા સૌરભની વાતોને એકાગ્રચિત્તે સાંભળી રહી, ગહન વિચારોના વમળમાં ખોવાઈ ગઈ અને બોલી, ‘ સૌરભ હું હરપળે તને સાથ આપવા તૈયાર હતી. આજે પણ તૈયાર છું. તારા માર્ગે વિચારવા હું તૈયાર છું. આજે સ્મિતાને જિંદગીની સૌરભ મળી છે. સૌરભ પાછો મળ્યો છે. નવાજ રૂપે ’ અને દિવ્ય જીવનના રાહના નિર્ણય સાથે સ્મિતા અને સૌરભે ત્યાંથી વિદાય લીધી ત્યારે પ્રકૃતિ જાણે મરક મરક હસી રહી હતી. **॥ ઓમશાંતિ ॥**

દિવ્ય જીવનની કેડી

બ્ર.કુ. મીનળબેન મોદી, નારણપુરા, અમદાવાદ

સ્મિતા આજે ઉદાસ હતી. એના ચહેરા ઉપરનું નૂર ચાલ્યું ગયું હતું. મુખ ઉપરથી સ્મિતે વિદાય લીધી હતી. આજે તે પોતાની ભવ્ય જીવન ઈમારતને જમીનદોસ્ત થતી જોઈ રહી હતી. પળવાર તો તે સમજી ન શકી કે મારે શું કરવું? ક્યારેક સમુદ્રમાં ડૂબકી લગાવીને આત્મહત્યા કરવાના વિચારો આવતા હતા. એને લાગતું હતું કે સૌરભે એને દગો દીધો છે. જે સૌરભના સાન્નિધ્યમાં ભવિષ્યની દુનિયાનાં રંગબેરંગી સ્વપ્નોમાં ખોવાઈ જતી તે સૌરભ પોતાના જીવન ઉદ્યાનમાં સૌરભ ફેલાવી ક્યાંક દૂર દૂર જતો જણાયો.

સ્મિતા અને સૌરભ કોલેજનાં સહાધ્યાયી હતાં. સૌરભની અદ્‌ભુત વાકછટા, પ્રતિભાવંત ચહેરો અને વિદ્વતાથી તે અંજાઈ ગઈ હતી. કોલેજના એક સાંસ્કૃતિક કાર્યક્રમમાં સ્મિતા અને સૌરભે સાથે ભાગ લીધો હતો. ત્યારથી તેઓ એક-બીજાની નજીક આવ્યાં હતાં. યૌવનના અપૂર્વ ઉલ્લાસભર્યા વાતાવરણમાં સ્મિતા અને સૌરભ પંખી બનીને ઊડતાં હતાં. ક્યારેક મરીન ડ્રાઈવની પાળ, ક્યારેક કમલા નહેરુ પાર્ક યા હેંગીંગ ગાર્ડન તો ક્યારેક જુહુ બીચના દરિયા કાંઠે ભાવિ જીવનનાં શમણાંમાં સ્મિતા અને સૌરભ ખોવાઈ જતાં. સંયમની પાળે સ્નેહની છોળો ઉછળતી તેઓ અનુભવતાં.

છેલ્લા કેટલાક દિવસથી સૌરભમાં અજબ પરિવર્તન આવ્યું હતું. તેનાં બોલચાલ, વાણી, વર્તન, પોશાક, ખાનપાન આદિમાં તેને અપૂર્વ પરિવર્તન લાગતું હતું. ચોપાટીનાં ભેળપૂરી આદિ ખાદ્ય પદાર્થોમાં આસક્ત સૌરભ કેટલાક દિવસથી ફળો ખાતો હતો. જ્યારે સ્મિતાને તે મનભાવતી ચીજો ખવડાવતો પણ આમ તે કેટલા દિવસ ચાલે? સૌરભના પરિવર્તિત જીવનથી સ્મિતા શંકાશીલ બની હતી. ભયભીત બની હતી. અને એક દિવસે તો સૌરભે સ્મિતાને જણાવી દીધું, 'સ્મિતા, હું એક વાત તને ઘણા દિવસથી કહેવાનું વિચારી રહ્યો હતો. હું તારી કલ્પનાની દુનિયાનું સુખ તને આપી શકું તેમ નથી. તો તું તને યોગ્ય લાગે તેની સાથે લગ્ન કરીને સુખી થજે.' સ્મિતા સૌરભના આ શબ્દો સાંભળી ન શકી. તેના માથે જાણે વીજળી પડી, તેની આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગી. સૌરભે નિર્મોહીભાવે આ દૃશ્ય જોયું. ફરીથી ગુરુવારે સાંજે મળવાનું નક્કી કર્યું અને ભારે હૈયે વિદાય લીધી.

સૌરભ છેલ્લા એક માસથી પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનો વિદ્યાર્થી બન્યો હતો. રાજયોગનો વિદ્યાર્થી બન્યો હતો. સ્મિતાને તેણે આ વાત કરી નહોતી. કરવી હતી પણ તે સમયની રાહ જોતો હતો. તે માટેનું વાતાવરણ તૈયાર કરતો હતો. આજે ગુરુવારનો દિવસ હતો. સાંજે સ્મિતાને મળવાનું હતું. પરોઢિયે ચાર વાગે ઉઠીને તે યોગમાં બેઠો. સ્મિતાને યોગદાન કર્યું. સેવાકેન્દ્રમાંથી તે ભોગ (પ્રસાદ) લાવ્યો. સ્મિતાને ટેપરેકોર્ડર દ્વારા ઈશ્વરીય જ્ઞાનનો ગીતોનો અનુભવ કરાવવો અને સમક્ષ સર્વ વાતો જણાવી દેવી અને પરમાત્માની દિવ્ય સ્નેહયુક્ત યાદમાં બનાવેલો પ્રસાદ પણ ખવડાવવો એવો સૌરભે નિર્ણય કર્યો.

ગુરુવારની એ પળો આવી, સ્મિતા આજે ઉદાસ હતી. સૌરભ આજે શું કહેશે તેની ચિંતા

(અનુસંધાન પેજ નં. 29 પર)

શ્રેષ્ઠ ચિંતન દ્વારા યોગમાં શ્રેષ્ઠ અનુભૂતિ

બ્ર.કુ. પ્રો. હેમંત પરીખ, મણિનગર, અમદાવાદ.

યોગમાં કયું શ્રેષ્ઠ ચિંતન કરવું જોઈએ?

સ્વરૂપનું ચિંતન - હું એક ચૈતન્ય શક્તિ જ્યોતિબિંદુ રૂપ આત્મા છું. મારું ઘર પરમધામ છે. જ્યાં આત્માઓ તથા પરમાત્મા નિવાસ કરે છે. આ શરીરમાં હું ભ્રૂકુટીના મધ્યમાં નિવાસ કરું છું. મન દ્વારા હું વિચારવાનું કાર્ય કરું છું. બુદ્ધિ દ્વારા નિર્ણય કરું છું. જે વિચારોનો અમલ કરું છું તે સંસ્કાર રૂપે મારામાં જમા થાય છે. શરીરની કર્મેન્દ્રિયો દ્વારા કાર્ય કરનાર હું ચૈતન્ય શક્તિ આત્મા છું.

સ્વના પિતા પરમાત્માનું ચિંતન - મુજ આત્માના પિતા જ્યોતિ સ્વરૂપ પરમાત્મા શિવ છે. પરમાત્મા પ્રેમ - સુખ - શાંતિ - આનંદ - પવિત્રતાના સાગર છે, પરમધામ નિવાસી છે. શિવબાબા સર્વ સંબંધથી મારા સાથી છે, કલ્યાણકારી છે, દુઃખ હર્તા-સુખહર્તા છે.

ફરિશ્તા સ્વરૂપ બની સૂક્ષ્મ વતનમાં મિલન મનાવવું - સ્વયંના સંપૂર્ણ દૈવી સ્વરૂપને ઈમર્જ કરી બાપ-દાદા સાથે ચક્કર લગાવવું, ભક્ત આત્માઓની ભાવના પૂરી કરવી, દુઃખી - અશાંત આત્માઓને શક્તિ - શાંતિ આપવી. સૂક્ષ્મ વતનમાં બાબા સાથે બ્રહ્માભોજન કરવું. આજનું સ્વમાન યાદ કરવું.

અશરીરી આત્મા બની પરમધામમાં શિવબાબા સાથે મિલન મનાવવું - હું ચૈતન્ય જ્યોતિર્બિંદુ આત્મા પરમધામમાં શિવબાબાની સામે બેઠો છું. પરમાત્મા શિવપિતા પ્રેમના સાગર છે. હું આત્મા સાગરના કિનારે બેઠો છું. પ્રેમની લહેરો આવી રહી છે. હું પ્રેમ સ્વરૂપ બની રહ્યો છું. પરમાત્મા સુખ - શાંતિ - આનંદ - પવિત્રતાના સાગર છે. સાગરની લહેરો આવી રહી છે. હું સુખ - શાંતિ - આનંદ - પવિત્રતા સ્વરૂપ બની રહ્યો છું. જ્ઞાન સૂર્યના કિરણો મુજ આત્મા ઉપર પડી રહ્યાં છે. હું આત્મા પાવન બની રહ્યો છું. મારા વિકર્મ વિનાશ થઈ રહ્યા છે.

સંપૂર્ણ પાવન આત્મા બની સતયુગી દુનિયામાં ચક્કર લગાવવું - હું સંપૂર્ણ પાવન આત્મા સતયુગી દુનિયામાં પ્રવેશ કરું છું. સતયુગના મહારાજા લક્ષ્મી - નારાયણ મને રત્ન-જડિત તાજ પહેરાવે છે. શ્રીકૃષ્ણની સાથે હું સતયુગના રાજમહેલ, બાગ-બગીચા, ફળોની વાડીની મુલાકાત લઉં છું. રસથી ભરપૂર ફળો હું ખાઉં છું.

યોગમાં શ્રેષ્ઠ ચિંતન દ્વારા કઈ કઈ પ્રાપ્તિ - અનુભૂતિ થાય છે?

- અશરીરી બનવાની અનુભૂતિ થાય છે.
- સંકલ્પોની સિદ્ધિની અનુભૂતિ થાય છે.
- શાંતિની અનુભૂતિ થાય છે.
- પરમાત્મા સાથે સર્વ સંબંધોના રસની અનુભૂતિ થાય છે.
- અતીન્દ્રિય સુખની ઈશ્વરીય શક્તિઓની અનુભૂતિ થાય છે.
- પરમાત્માના પ્રેમની, સર્વ ખજાનાની પ્રાપ્તિની અનુભૂતિ થાય છે.
- હું બાબાની સાથે છું. બેફીકર બાદશાહ છું. તેની અનુભૂતિ થાય છે.

(અનુસંધાન પેજ નં. 13 પર)

જીવન સાફલ્ય

બ્ર.કુ. ભગવાનભાઈ, મંગલવાડી, વડોદરા

'જીવન' અર્થાત્ જનમ-મરણ વચ્ચેનો અમૂલ્ય સમય. સફળતાપૂર્વક તે કેવી રીતે પસાર કરવો તેને કહેવાય 'જીવન સાફલ્ય'. જીવન કેટલું લાંબુ જીવવું તે અગત્યનું નથી પરંતુ કેવી રીતે જીવવું તે અગત્યનું છે. આપણી સમક્ષ રાષ્ટ્રપિતા ગાંધી બાપુના જીવનનો જ્વલંત દાખલો છે. તે વ્યક્તિ પાસે દેહનું સૌંદર્ય ન હતું પરંતુ આત્મવિશ્વાસ અને અન્ય મહાન ગુણોની સુવાસ હતી. તેથી જ તેમનું સાદગીપૂર્ણ જીવન સફળ બની ગયું. સાથે સાથે દેશની સ્વતંત્રતા અર્થે જીવનનું સંપૂર્ણ બલિદાન આપી દીધું. તેઓશ્રીનો મહાન સંદેશ હતો **'મારું જીવન એજ મારો સંદેશ છે.'** જીવન સાફલ્ય માટે ઉમદા ગુણોની જરૂરિયાત છે તે પણ જીવનમાં ત્યારે જ ઉતારી શકાય જ્યારે સ્વયંના જીવનનો સ્વયં મર્મ સમજી શકીએ.

સર્વ પ્રથમ તો આપણે જીવન ક્યા પ્રકારનું જીવવું છે તેનું લક્ષ્ય પાકું કરવું પડે. તો તેવા પ્રકારના લક્ષણો જીવનમાં ધારણ કરવાની સમજ આવશે. અર્થાત્ લક્ષ્ય હંમેશા લક્ષણ તરફ દોરી જાય છે. તેથી જીવનનાં નિયમ - સંયમ નક્કી કરી લેવા પડે. સાથે સાથે જીવનનાં નક્કી કરેલા માર્ગો માટે વળગી રહેવું પડે. જીવન જીવવાની શૈલી ક્યા પ્રકારની ઘડવી તે નિશ્ચિત કરવું પડે. અંગ્રેજીમાં કહેવાય છે. What is important? Standard of living? or living with correct standard? અર્થાત્ જીવન જીવવાની પ્રણાલિકા અગત્યની છે. જીવન સત્યના મૂલ્યો પ્રમાણે જીવો તે મહત્ત્વનું છે.

જીવનના મૂલ્યો માટે સમજી લેવું જોઈએ કે જીવન સાફલ્ય માટે મારે કેટલું મૂલ્ય ચૂકવવું પડશે? તેનું મૂલ્ય તન-મન કે ધનની ચૂકવણી હોઈ શકે. કશું પણ વિના મૂલ્યે મળતું નથી. તમે સફળતા કોઈપણ કિંમત ચૂકવવા તૈયાર છો? તેથી કંઈક ભોગ તો આપવો જ પડશે. વર્તમાન સમયની દુનિયામાં કુટુંબ દેશ કે રાજનૈતિકતા કે કોઈપણ વસ્તુ પ્રાપ્તિ માટે કોઈએ ભોગ આપવો જ પડે છે. કુટુંબની સફળતા માટે - એક સભ્યે તો ભોગ આપવો જ પડે. તન-મન-ધન માટે કે કીર્તિ, સત્તાની સફળતા માટે જે પ્રકારે સફળતા જોઈએ તે પ્રકારે કિંમત તો ચૂકવવી પડે છે. સાચી કિંમત જાણ્યા વગર આ સોદો મોંઘો પડે છે. તેને માટે ગણિતની કોઈ ફોર્મ્યુલા છે જ નહીં. એક વ્યક્તિની બાબતમાં એક નુસ્ખો સફળ અને બીજી વ્યક્તિ અજમાવવા જાય તો સફળતા ના પણ મળે.

જીવન સાફલ્યનું એક ગૂઢ તત્ત્વ છે - 'કર્મ' એવું કહેવાય છે જેવી કરની તેવી ભરની. અર્થાત્ જીવન સાફલ્ય માટે શ્રેષ્ઠ કર્મોની કમાણી જરૂરી છે. ત્યારે જ જીવનની સફળતા મળે છે. આપણા શ્રેષ્ઠ કર્મોનો ખજાનો ભરપૂર હોય ત્યાં સુધી ભાથુ ભર્યે જ જવું જોઈએ.

જિંદગી જીવવા માટે તમે કર્તા છો, 'ક્રિયાપદ' તમારે નક્કી કરવાનું છે. કર્મ પણ તમારે કરવાનું છે. તમારી જિંદગી માત્ર કર્મોની ઘડાયેલ ગીત ગાતી કેસેટ જેવી છે. જેમ એક ટેપરેકોર્ડરમાં ભરાયેલા ગીત વાગ્યા જ કરે છે તેમ તમારા કર્મોની ભરાયેલ કેસેટ સમયરૂપી હેડ સાથે સંપર્કમાં આવવાથી તે વાગ્યા જ કરે છે. કદાચ તમને તે ન ગમે તો બદલવા પ્રયત્ન કરશો નહિ. કારણ કે તે પૂર્વમાં કરેલ કર્મોનું પરિણામ છે. વર્તમાનમાં ભરેલ ભાથું ભવિષ્યનું ભાથું છે.

(અનુસંધાન પેજ નં. 34 પર)

સ્વઉન્નતિમાં બાધક આળસ અલબેલા બહાનાબાજી

બ્ર.કુ. ભગવાનભાઈ, શાંતિવન, આબુરોડ

આજના વિજ્ઞાનના યુગમાં માનવના ચારિત્ર્યના પતનનું ભારતની અવનતિનું કારણ પાંચ વિકારો છે. સાથે સાથે આળસ પણ છે. આળસને છઠ્ઠો વિકાર કહેવાય છે. જેને ઘણા થોડા લોકો જાણે છે. ઘણા થોડા લોકો આળસને દૂર કરી શકે છે. જીવનનાં દરેક ક્ષેત્રોની જેમ આધ્યાત્મિક ક્ષેત્રમાં પણ આળસને કારણે માનવ સ્વયંને શક્તિહીન સમજે છે. તે જે કાર્ય સમયસર કરવું જોઈએ તે કરી શકતો નથી. સમયની સાથે ચાલવું તે બુદ્ધિમાની તથા શ્રેષ્ઠ ભાગ્ય છે. સમયની સાથે ચાલવા માટે ઘણા એલર્ટ - જાગૃત રહેવાની જરૂર છે. જ્યાં સુધી આળસ છે, અલબેલાપણું છે ત્યાં સુધી મંઝિલ પર સમયસર પહોંચી શકાતું નથી. આ અંગે કાચબા અને સસલાની દોડનું દૃષ્ટાંત જાણીતું છે. આળસને કારણે સસલું દોડ હારી ગયું. કાચબો સાવધાનીના કારણે દોડ જીતી ગયો.

આળસનો ઉદ્‌ભવ પહેલાં મનમાં થાય છે. મનમાં વ્યર્થ અને નકારાત્મક સંકલ્પોની ઉત્પત્તિ એજ આળસ છે. આળસ, અલબેલાપણું અને બહાનાબાજી ત્રણે એક બીજાની સાથે જોડાયેલાં છે. પરોઢિયે ચાર વાગે ઉઠીને શક્તિશાળી યોગ કરીને શક્તિ સંચયનો સંકલ્પ કર્યો. ચાર વાગ્યા તો આળસ આવી કે વધારે દસ મિનિટ આરામ કરી લઉં. આમ આળસને કારણે નિશ્ચિત સમયે શક્તિશાળી યોગ થતો નથી.

પોતાની આળસને યથાર્થ ઠેરવવા માટે મન કારણો શોધે છે. થોડો તાવ હતો. ઊંઘ પૂરી થઈ નહોતી. માથામાં દર્દ હતું. મહારથીઓ પણ યોગ ચૂકી જાય છે. સંપૂર્ણ કોણ બન્યું છે. આ બહાનાં જૂઠું બોલવાના સંસ્કારને ઉત્તેજન આપે છે.

આજના વિજ્ઞાન યુગમાં સુખ સગવડનાં સાધનોએ માનવને આળસ, અલબેલાપણાની ઊંઘમાં સૂવાડી દીધો છે. જેનાથી તેને શારીરિક અને માનસિક રીતે નુકસાન થાય છે. બાબા કહે છે, બાળકો, સાધનો તમારી સાધનાને ખતમ ના કરી દે તેનું ધ્યાન રાખજો. સાધનો જરૂરી છે પણ તેના ઉપર પણ કન્ટ્રોલીંગ પાવર જરૂરી છે. માનવે પ્રતિપળે સતર્ક રહેવું જરૂરી છે. કહેવત છે કે ભગવાન ભાગ્ય વહેંચવા આવ્યા ત્યારે તમે સૂઈ ગયા હતા. જેઓ આળસ છોડીને અમૃતવેળાનો નિયમિત રસપૂર્વક, શક્તિશાળી યોગ કરે છે તેઓ અખૂટ ખજાનાઓના માલિક બની જાય છે.

આળસ અને અલબેલાપણા ઉપર વિજય મેળવવા માટે મુખ્ય ચાર વાતો ઉપર ધ્યાન આપવું જરૂરી છે. **હકારાત્મક વિચાર, યોગાભ્યાસ, રોજ મુરલી સાંભળવી, પોતાના લક્ષ્યને બુદ્ધિ સમક્ષ રાખવું.** આજના સમયમાં માનવ બહાનાં કાઢવામાં પણ અચકાતો નથી. બહાનાં કાઢવાં એક ટેવ બની ગઈ છે. અને એમાં પોતાને ખુશ કરી દઈએ છીએ. બહાનાં કાઢવાથી કેટલું નુકસાન થાય છે તેની તેને ખબર નથી. જે બહાનાબાજી કરે છે તેઓ કદી પણ પ્રભુપ્રિય, લોકપ્રિય બની શકતા નથી. બહાનાબાજી જૂઠું બોલવાની ટેવ પાડે છે. જેને જુઠું બોલવાની ટેવ પડી ગઈ છે તે કદી કોઈના દિલને જીતી શકતો નથી. એટલા માટે કહેવત છે ‘સચ્ચે દિલ પર સાહિબ (પરમાત્મા) રાજી.’ જે સાચો છે તે બહાનાં કાઢતો નથી. માનવ જેવો છે તેવો તે પોતાને અભિવ્યક્ત કરે છે. કોઈ કાર્ય યા સેવા વખતે બહાનાં કાઢવાથી સ્વયંને નુકસાન થાય છે. આવા લોકો શારીરિક અને માનસિક

(અનુસંધાન પેજ નં. 06 પર)

(પેજ નં. 32નું અનુસંધાન)... જીવન સાફલ્ય

ભવિષ્ય તે સામે ઉગતા સૂરજ માફક જ સંદેશ છે.

તમે ઘણીવાર જીવનના સૂર બદલવા પ્રયત્ન કર્યા હશે પરંતુ તેથી નિરાશ થવાની જરૂર નથી. ઘણીવાર તમે જાણે અજાણે એવું સમજો છો કે આ સંસાર તમારી ચીંધેલ આંગળીએ ચાલે છે પરંતુ તે અજ્ઞાનતા છે. ઘણીવાર એવું સાંભળવા મળે છે. 'મારા વિના તો આ સંસારનું ગાડું ચાલે જ નહીં.' આ સંસારની સર્વ તત્ત્વોની ચાવીઓ અવિરત છે તે ચાલ્યા જ કરે છે જ્યારે માનવને એ અનુભૂતિ થાય કે મારા વગર પણ બધું સારી રીતે ચાલ્યા કરે છે. ત્યારે તેમના અભિમાનને ધક્કો લાગે છે. તે એવું માને છે કે 'તે હવે સામાન્ય પ્રાણી છે.' તેથી જ જીવન સાફલ્ય માટે પ્રથમ અભિમાનને ઓગાળવું પડે અર્થાત્ 'હું' કરું છું તે ભૂલવું પડે અને હું નિમિત્ત છું તે યાદ કરવું પડે.

જીવન સાફલ્ય માટે મુખ્ય પાંચ ચાવીઓ -

- દેહ અભિમાનનો ત્યાગ કરી નિમિત્ત ભાવના કેળવવી.
- આ સંસારને સૃષ્ટિ રંગમંચ સમજી સ્વયંને નાટકનો હીરો પાર્ટધારી સમજવો.
- જીવન જીવવાની પ્રણાલિકા નક્કી કરી લેવી. તે પ્રમાણે સંયમ-નિયમ બનાવવા. તેને વળગી રહેવું.
- જીવનનો દરેક દિવસ નવો દિવસ છે તેમ સમજી કાર્યનો આરંભ કરવો.
- વર્તમાનમાં જીવવાનો અભ્યાસ કરવો. ભૂતકાળ ભૂલી જવો. ભવિષ્યની ચિંતા પ્રભુ પર છોડી દેવી. આજના દિવસની ઉગમણી ઉષાએ પ્રથમ કિરણ આપણા પર પડતા 'જીવન સાફલ્ય'ના શ્રેષ્ઠ સંકલ્પ સાથે કાર્યનો આરંભ કરીએ. (આકાશવાણી પરથી પ્રસારિત)

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 25નું અનુસંધાન)...ધર્મરાજપુરી

આયેગી. મનુષ્યો કો સુખો સે વંચિત કરને લગેગી. જીન્હોંને પાપ કર્મો કા આનંદ લિયા હૈ વે સજાઓકી પીડા પાયેંગે. જીન્હોંને મુર્ગો કો મુર્દા બનાયા હૈ ઉન્હેં અંતમેં ઉતની હી પીડા હોગી જીતની જીવનભર મુર્ગોને પીડા પ્રાપ્ત કી હૈ. પ્રકૃતિ કોપિત હોગી ઔર સબ કુછ અપને આંખો કે સામને હોગા. પાંચો તત્ત્વો મિલકર ઈસ સંસાર મેં વિનાશ કા તાંડવ નૃત્ય કરેંગે. મોહ મનુષ્યોં કો અતિ પીડા પહોંચાયેલા. વાસનાઓમેં જલતી હુઈ આત્માયેં પશ્ચાતાપ કી અગ્નિ મેં જલને લગેગી. મોત કા ખેલ ચલેગા. સંસાર કે અનેકાનેક લોગ રાત કો સો નહીં પાયેંગે.' આ મહાવાક્ય ભગવાન શિવના છે. તો હવે સમજો ધર્મરાજપુરીની સજાઓથી બચવા પાપ અને પુણ્યનો તફાવત સમજો. બીજાઓને દુઃખ થાય તેવું બોલવું પણ પાપ છે. તેથી એવું કોઈ કર્મ ન કરશો જેથી બીજા આત્માને દુઃખ થાય. પરમાત્માના આદેશ મુજબ સત્કર્મ કરશો એવી મારી શુભભાવના છે. પરમાત્મા શિવે આપણને દેવતુલ્ય બનવાની પ્રેરણા આપી છે. તો તેનું દૃઢ નિશ્ચય સાથે પાલન થાય તેવી શુભ ભાવના ...

॥ ઓમશાંતિ ॥

Published and Printed by BK Bhartiben R. Somiya for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Shreedhar Printers Pvt. Ltd., J & K Block No. 4, Ravi Estate, Dudheshwar Road, Ahmedabad - 380 004. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Sukh Shanti Bhavan, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad - 380 022, Gujarat State, India. Edited by Prof. Dr. Kalidas Dhulabhai Prajapati

સુરત આંબા તલાવડીમાં આઝાદીનો અમૃત મહોત્સવમાં મેયર ભગિની હેમાલીબેનને સૌગાત આપતાં બ્ર.કુ.મયુરીબેન, બ્ર.કુ. ગાયત્રીબેન.

ભૂજ-કચ્છના પ્રથમ નાગરિક મેયર ભ્રાતા ઘનશ્યામભાઈ ઠક્કરને રક્ષાસૂત્ર બાંધતા બ્ર.કુ. રક્ષાબેન.

વિરમગામમાં વોહરા સમાજના ભ્રાતા જનાબ આમીલ સાહેબ શેખ કૌશલ અલી જમાલીને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. ધર્મિષ્ટાબેન.

બારડોલીમાં તાલુકા વિકાસ અધિકારી ભ્રાતા નટુભાઈ બોરીચા IASને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. અરુણાબેન.

અમદાવાદ ઈસનપુરમાં સમજુબા હાઈસ્કુલના ટ્રસ્ટી ભ્રાતા બીજુભાઈ પટેલને રક્ષાબંધન બાદ પ્રભુપ્રસાદ આપતાં બ્ર.કુ. જાગૃતિબેન.

ધંધુકામાં પોલીસ સ્ટેશનના PI ભ્રાતા સી.બી. ચૌહાણને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. મનીષાબેન.

માળીયા હાટીનામાં મામલતદાર ભ્રાતા પ્રતાપસિંહ ગોહિલને રક્ષાસૂત્ર બાંધી સ્મૃતિચિન્હ આપતાં બ્ર.કુ. મીતાબેન.

કોટડા સાંગાણી ખાતે શ્રાવણ મહિનામાં શિવઝાંખીમાં માર્કેટીંગ યાર્ડના VPના ચેરમેન કનકસિંહ જાડેજાને સૌગાત આપતાં બ્ર.કુ. તૃપ્તિબેન.

Gyan Amrit Vol.14 | Issue 10 | October 2021| Retail Price - 12/- | RNI No. of RNP is GUJGUJ/2007/21842. Published on 1st of every month. Registered under Postal Registration No. AHD-C/21/2020-2022 Vaild up to 31st December-2022 Issued by the SSPO's Ahmedabad City Division, LPWP Licence No. PMG/HQ/109/2020-2022 valid up to 31st December 2022, permitted to post at Ahmedabad PSO on 4th of every month.

ગાંધીનગરમાં ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી
ભ્રાતા વિજયભાઈ રૂપાણીને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. કૈલાસબેન.

સુરત ખાતે કેન્દ્ર સરકારના નવનિયુક્ત ટેક્ષટાઈલ્સ અને
રેલ્વે રાજ્ય મંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોશનું
અભિવાદન કરતાં બ્ર.કુ. લીલાબેન.

વડોદરામાં પાર્લામેન્ટ ઑફ વર્લ્ડ રીલીજીયસ તથા કોનવેન્ટ
ઑફ જ્યુસ અને મેરી ગર્લ્સ હાઈસ્કુલના હીરક જયંતી
પ્રસંગે આયોજીત સર્વધર્મ પરિસંવાદમાં
સર્વધર્મના પ્રતિનિધિઓ સાથે બ્ર.કુ. રાજબેન.

અમદાવાદના સુપ્રસિધ્ધ ઉદ્યોગપતિ નિરમા ગ્રુપના CMD
ભ્રાતા કરસનભાઈ પટેલને પાવન રક્ષાસૂત્ર બાંધતા બ્ર.કુ. અમરબેન.

ભાવનગરમાં ગુજરાતના તત્કાલીન મહિલા અને બાળવિકાસ મંત્રી
ભગિની વિભાવરીબેન દવેને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. તૃપ્તિબેન.

સુરતમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ
ભ્રાતા ડૉ. કિશોરસિંહ ચાવડાને સૌગાત આપતા બ્ર.કુ. સોનલબેન.